# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 3
March 2019
Price 12/-







બોટાદમાં 'અલવિદા ડાયાબીટીસ' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ડૉ. શ્રીમંતભાઈ શાહુ, DDO ભ્રાતા આશિષકુમાર IAS, IMAના પ્રમુખ ડૉ. જયેશભાઈ, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા મહાસુખભાઈ, ચીફ ઓફિસર ભ્રાતા પાંચાભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. નીતાબેન.



રખિયાલમાં નવનિર્માણાધીન સેવાકેન્દ્રનું ભૂમિપૂજન કરતાં ગાંધીનગર સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. નેહાબેન, રખિયાલ સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. કૈલાસબેન.




પાટણમાં નવનિર્માણાધીન સેવાકેન્દ્રના ભૂમિપૂજન કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. કિરીટભાઈનું સન્માન કરતાં બ્ર.કુ. સરલાબેન સાથે બ્ર.કુ. નિલમબેન, BJP પ્રમુખ ભ્રાતા મોહનભાઈ, જમીનના દાતા કાંતિભાઈ.



જૂનાગઢમાં બ્રહ્માકુમારીઝ અને રોટરી ક્લબ દ્વારા પુલવામા ખાતે થયેલ હાદસાના શહીદોને શ્રધ્ધાસુમન  આપતાં બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. બીનાબેન, રોટરી ક્લબના મનીષ માયાણી, ભ્રાતા સેહુલભાઈ.



રાજકોટ મેહુલનગરમાં 'સર્વરોગ નિદાન કેમ્પ'માં બ્ર.કુ. ભારતીબેન, ડેપ્યુટી મેયર ભ્રાતા અશ્વિનભાઈ, ડૉ. કશ્યપભાઈ, ડૉ. મહેશભાઈ, ડૉ. તુષારભાઈ, ડૉ. હિતેષભાઈ, ડૉ. રીંકલભાઈ, બ્ર.કુ. ચેતનાબેન.



આદિપુર-કચ્છમાં દાદા દુખાલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં 'સ્વની ઓળખ' વિષય પર વ્યાખ્યાન આપતાં બ્ર.કુ. નંદાબેન સાથે બ્ર.કુ. સુનિતાબેન, પ્રોફેસરો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો.



અહમદનગરમાં BWF વર્લ્ડ ટુર ફાઈનલની વિજેતા બનતા ઓલિમ્પીક રજતચંદ્રક વિજેતા ભગિની પી.વી.સિંધુનું ગુલદસ્તાથી અભિવાદન કરતાં બ્ર.કુ. દીપક હરકે સાથે બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. યશભાઈ.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ | માર્ચ-૨૦૧૯ | અંક : ૦૩

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- આધ્યાત્મિક પ્રકાશ ..........................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..06
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..07
- ત્રિવેણી ....................................બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- પ્રકૃતિનો પોકાર ..............................બ્ર.કુ. સતીશ ..10
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..12
- મહાશિવરાત્રીનું આધ્યાત્મિક .............બ્ર.કુ. મધુબેન ..14
- વાહ બાબા વાહ ............................બ્ર.કુ. કેશુભાઈ ..16
- સફળતાનું પ્રથમ સોપાન................બ્ર.કુ. કાન્તિભાઈ ..19
- ભક્ત અને બ્રહ્માવત્સ જ્ઞાની ...............બ્ર.કુ. ભાવના ..21
- ચારિત્ર્યની ગરીબી ...........................બ્ર.કુ. નીતા ..22
- યુવા પેઢી સમાજ માટે દર્પણ...............બ્ર.કુ. અનિલ ..25
- જ્ઞાનમાર્ગ................................બ્ર.કુ. ગિરીશભાઈ ..27
- સમયનું રહસ્ય ............................બ્ર.કુ. જયુભાઈ ..30
- ચિંતન ......................................બ્ર.કુ. પિનાક ..32
- જીવનની ચાવીઓ , કોણ શું શીખવે .......બ્ર.કુ. મનસુખ ..34
- ચિંતનિકા.....................................બ્ર.કુ. અનંત ..34



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની સરલાદીદી**


### સ્થાનિક સેવાકેન્દ્ર


### આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2543 1676, 2532 4360, 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# આધ્યાત્મિક પ્રકાશ

આધ્યાત્મિક જીવનના નિયમોના પાલનથી આધ્યાત્મિક માર્ગ પર ચલાય. માત્ર યોગી જીવનના નિયમોમાં જ ધર્મ સમાઈ જતો નથી પણ **આધ્યાત્મિક જીવનની ફલશ્રુતિ એ આધ્યાત્મિક પ્રકાશ છે.** જેના અનુભવોથી વિષય વિકારોનાં, અજ્ઞાનતા, અંધશ્રધ્ધાનાં બંધનો સમાપ્ત થઈ જાય છે. આધ્યાત્મિક પ્રકાશ મળતાં યોગી જીવનના નિયમો પાળવા પડતા નથી પણ તે સાહજિક રીતે પળાય છે. પોતે કોઈ નિયમો પાળી રહ્યા છીએ તેની સભાનતા પણ સમાપ્ત થઈ જાય છે.

**સાચા સાધકને સ્થળનું કે ઘરનું બંધન નડતું નથી.** ચાહે તે નાના ઓરડામાં રહે કે બંગલામાં રહે, તેને સગવડો મળે કે ના મળે પણ તેની તેને કોઈ અપેક્ષા રહેતી નથી. પ્રારંભમાં આધ્યાત્મિક પુસ્તકોનું અધ્યયન જરૂરી છે. પણ આધ્યાત્મિક પ્રકાશ મળ્યા પછી મનન ચિંતનમાંથી એ બધું મળે છે. તેના માટે વિશેષ પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી. આ પ્રકાશ આપને દૈવી અનુભૂતિઓ કરાવે છે. ઘેર બેઠાં પણ બાબા મિલનનો અનુભવ કરાવે છે. **જ્યારે આધ્યાત્મિક જીવનનો પ્રકાશ મળે છે ત્યારે માન, શાન, પદ પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિની કામનાઓ ઓગળી જાય છે.** સન્માનના બદલે આત્માની સ્વાભાવિક સ્થિતિમાં જ રહેવાનું મન થાય છે.

આધ્યાત્મિકતા દ્વારા જ્ઞાનનો વિપુલ ભંડાર મળે છે. એમાં મંથન કરવાથી અદ્‌ભુત જ્ઞાન રત્નો સાંપડે છે. વિદ્વાન ના હોવા છતાં આત્મા એટલો સમૃદ્ધ બને છે કે તેને શિક્ષણની (ડીગ્રીની) પણ યાદ રહેતી નથી. ધર્મમાં આગળ વધવા માટે પ્રથમ પગથિયું છે. ભક્તિ. જ્યારે ભક્તિ પૂર્ણ થાય છે ત્યારે જ્ઞાન મળે છે. **જ્ઞાન મળ્યા પછી ભક્તિમાર્ગનાં કર્મકાંડો ભૂલાય જાય છે. તે યાદ પણ રહેતાં નથી.**

લાંબા ગાળાની સાધના પછી એવી અવસ્થા જન્મે છે કે ત્યારે કાસ્કેટ, લાલ લાઈટ, યોગરૂમની, ગીતોની અપેક્ષા રહેતી નથી. આ એવી અવસ્થા છે જ્યાં ઈશ્વરીય યાદ સ્વાભાવિક બની જાય છે. કોઈ એને અન્ય રીતે જુએ પણ તે યોગની દિવ્ય અનુભૂતિ કરે છે. **જ્યારે જીવન અને શરીર મંદિર સમાન પવિત્ર બને ત્યારે આધ્યાત્મિક પ્રકાશની અનુભૂતિ થાય છે.** તેથી સાધનાનાં વર્ષો મહત્ત્વનાં નથી પણ આધ્યાત્મિક પુરુષાર્થ મહત્ત્વનો છે.

**આધ્યાત્મિક પ્રકાશ એ ત્રીજા નેત્રનું વરદાન છે.** સ્વયંને ઈશ્વરીય સંતાન કહીએ છીએ પણ ઈશ્વરના ગુણોનો અણસાર આપણા જીવનમાં જોવા મળે ત્યારે સ્વયંને ઈશ્વરીય સંતાન કહી શકાય. માત્ર શબ્દોનાં લેબલ પૂરતાં નથી. **આપણું આચરણ એ જ આપણી અવસ્થાની ઓળખ છે.**

યોગબળ દ્વારા, જ્વાલામુખી યોગ દ્વારા જ્યાં સુધી વિકર્મોને દગ્ધ કર્યા ના હોય, પાછલા જન્મોના સંસ્કારને ભસ્મીભૂત કર્યા ના હોય ત્યાં સુધી અવસ્થા એકરસ બનતી નથી. ઈચ્છાઓનાં વળગણોથી મુક્ત થવાતું નથી. દેહભાનની પ્રવૃત્તિઓ સમાપ્ત થતી નથી. ધારણાઓ સ્થાયી થતી નથી. તે ભૂલોની ભૂલ ભૂલામણીમાં રહે છે. અન્યનું અનુકરણ કરે છે. પરચિંતન, પરદર્શન નિર્મૂળ થતાં નથી. વ્યર્થમાંથી સમર્થ બનાતું નથી. તેથી **તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થથી દેહભાનને દગ્ધ કરવાનું છે.**

**જ્યારે આધ્યાત્મિક પ્રકાશ સાંપડે ત્યારે આહારનું આકર્ષણ ઓછું થાય. ઈશ્વરીય યાદનું આકર્ષણ વધે. ચિંતા દૂર થાય, ચિંતન વધે. ભૂતકાળ ભૂલાય, ભવિષ્યની કોઈ અપેક્ષા ના રહે. વર્તમાનમાં દિવ્ય આનંદથી જીવે. પરમાત્માની છત્રછાયાનો અનુભવ કરે. મોહ મમતાની રગો તૂટે, સમતાનો પ્રાદુર્ભાવ થાય. ભૌતિકતાની ભવ્યતાથી અલિપ્ત રહે. અતીન્દ્રિય સુખમાં મસ્ત રહે. સ્ત્રી પુરુષ ભાવ દૂર થાય, આત્મભાવ સ્થાયી થાય. કરન કરાવનહાર પરમાત્માને યશના અધિકારી બનાવે, અહંભાવથી મુક્ત રહે.**

**પ્રકાશને પ્રસિદ્ધિની જરૂર નથી. તે સ્વયં દેખાય.** અંધકાર ઓસરતો જાય, જ્યોતિ જાગતી જાય. એની ઈશ્વરીય સેવા થકી રુહોને રાહત મળે, અશાંતને શાંતિ મળે, સંસારના તાપથી દાઝેલાને શીતળ યોગ વારિ મળે. શુભભાવનાઓની સરવાણી વહે. અંતર મનમાં ઉલ્લાસ રહે, આનંદની છોળો ઉડે. સેવામાં સુંગધ રહે. મનસા મહાદાની બને. વાણી વરદાની બને. ડગલું મૂકે ત્યાં મંગલ થાય. વાયુમંડળ શક્તિશાળી બને, માયાની વિદાય થાય.

**એને ના કોઈ ઈચ્છા, ના કોઈ આશા, ના અપેક્ષાઓની અભીપ્સા, પળ પળ રુહાની પ્રેમમાં વીતે, ઈશ્વરીય યાદમાં વીતે. પરોપકારનો ભાવ પ્રગટે. દયાનો દરિયો બને. ક્ષમાનો સાગર બને. સહનશક્તિ અને સમાવવાની શક્તિ સાહજિક બને. જ્યાં શિવની યાદ ત્યાં ના કોઈ ફરિયાદ. જ્યાં શિવની છત્રછાયા ત્યાં ના કોઈ ભયની છાયા. જીવન ધન્ય બને.**

સંગમ છે સોનેરી. લગન છે અનેરી. પળ પળ છે મોંઘી. એને બનાવો ના સોંઘી. નાણું તો મળશે, સંગમનું ટાણું નહીં મળે. આળસમાં અવસર ના વીતે. સાયરન સમાપ્તિની વાગી રહી. ઊંઘ, આળસમાં રહેવાય નહીં. બાબા મિલનનો પ્રભાવ ભૂલાય નહીં. અવ્યક્તવાણીઓનું અધ્યયન વિસરાય નહીં. કાળનો કોળિયો ભૂલાય નહીં. કર્મોની ગતિનું જ્ઞાન રહે. આત્માના સંસ્કારોમાં જ ભવનું ભાથું બંધાય. ડ્રામાનો આધાર સમજાય. પાર્ટનું પ્રારબ્ધ સમજાય. જે થવાનું છે તેની અનુભૂતિ થાય. સંગમ યાદ રહે, શિવબાબા યાદ રહે. બ્રહ્માબાબા આદર્શ રૂપે રહે. રુહાની સંગ છોડાય નહીં. યજ્ઞને વિસરાય નહીં. સમર્પણ ભૂલાય નહીં. પળે પળ સફળ થાય તેવી અંતરમનની શુભભાવના, શુભ કામના.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

---

**(પેજ નં. 11નું અનુસંધાન)... પ્રકૃતિનો પોકાર**

કામનાની આવશ્યકતા છે. ઈશ્વરીય યાદમાં રહેવું પણ મોટી સેવા છે. તો અશરીરી બનીને અંત:વાહક શરીર દ્વારા સેવા, મનસા સેવા તથા યોગના પ્રયોગ જેવી સેવા પણ જરૂરી છે.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 13નું અનુસંધાન)... દિવ્યદર્શન**

સાચી અને સાર્થક હોળી મનાવીએ.

ગીત -

હો સચ્ચી હોલી હમ મનાયે,
હો જ્ઞાન પીચકારી હમ ચલાયે,
આઓ ખેલેગેં હોલી,
હમ આત્મા શિવ કી અબ હોલી...

॥ ઓમશાંતિ ॥

## અમૃતધારા

# સાધકની સજ્જતા

### રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



અંતર્મુખતાથી એકાગ્રતાની શક્તિનો વિકાસ થાય છે. પરમાત્માની મુરલીમાંથી એવી વાતો મળે છે કે એક વાત પણ હૃદયને સ્પર્શી જાય તો આખો દિવસ તેનો પ્રભાવ રહે છે. બાબા (પરમાત્મા) એ જે શીખવાડ્યું છે તે યાદ આવે છે. આપણે સર્વશક્તિમાન બાપનાં બાળકો છીએ. આમ છતાં જ્ઞાન કહે છે કે સંપન્ન બનવાનો પુરુષાર્થ કરવાનો છે. બાબા ઈચ્છે છે કે મારું સંતાન મારા જેવું બને. તે માટે આપણામાં કોઈ અવગુણ ના હોય. કોઈના અવગુણો જોઈએ પણ નહીં. આ પુરુષાર્થ વગર કોઈ સંપન્ન બની ના શકે.

સૌમાં ગુણ છે તેથી તો બાબાના ઘરમાં બેઠાં છીએ. જેવી સ્મૃતિ છે એવી વૃત્તિ, દૃષ્ટિ, સાહજિક રીતે કાર્ય કરે છે. દરેક મારી ભાવનાને જુએ. ભાવનામાં જે સાચું છે તો તેને સ્પર્શી જશે. જે નકામી વાતો છે તે નીકળી જશે. એક મિનિટ પણ કોઈએ બીનજરૂરી કામમાં વેડફી દીધી તો બાબા શું કહેશે ?

મારા દ્વારા કોઈને દુઃખ ના મળે. એ ભાવનાથી આજ સુધી હું જીવી રહી છું. હું કોઈને દુઃખ ના આપું. આપણાથી જાણે અજાણ્યે કોઈને દુઃખ પહોંચ્યું હોય તો તે બદલ માફી માગી લઉં. માફી માગવામાં અહંકાર આવવો ના જોઈએ. અમારા વચ્ચે એવી ભાવના હતી કે કોઈ કોઈને દુઃખ ના આપે. કદાચ એવી કોઈ વાત બની જાય તો માફી માગી લેવી. ક્ષમા આપવી. કોઈને દુઃખ આપવું નહીં અને દુઃખ લેવું પણ નહીં. જો માફી માંગતાં આવડે છે તો આપના રાહમાં કોઈ વિઘ્ન આવશે નહીં, આવશે તો તે દૂર થઈ જશે. આવા સમયે જો દેહી અભિમાની બનીશું નહીં તો બાબાની યાદ રહેશે નહીં. હું કોઈને સુખ આપું એનો અર્થ એ નથી કે હું કોઈને પૈસા આપું. જેથી તમે ખુશ થઈ જાઓ અને મારા શિષ્ય બની જાઓ. એમાં કોઈ સુખ નથી, છે તો અલ્પકાળનું છે.

દરેકની સાથે મિત્રતાભાવ રાખીને સ્વયંના મિત્ર બનવું. આત્મા સ્વયં પોતાનો મિત્ર છે, શત્રુ છે. જો સુધરીએ છીએ જીવન સારું બનાવીએ છીએ, એટેન્શન (ધ્યાન) રાખીએ છીએ તો બાબા એમાં શક્તિ આપે છે. માન અને મની ના (પૈસો) આધારે એકબીજાથી ખુશ રહીએ યા એકબીજાને ખુશ રાખીએ એ કંઈ ખુશી આપવી નથી. ખુશી આપવી તે પુણ્યકાર્ય છે તેનાથી પાપ થશે નહીં. પુણ્યકાર્ય કરતા રહીશું તો જે પાપકર્મ રહી ગયાં હશે તે પણ દૂર થશે.

આપણે સૌ - બ્રહ્માવત્સોની હવે મરજીવા જિંદગી છે. જૂની જિંદગી લૌકિક દૃષ્ટિકોણને આધારે હતી. ભલે આપણે સારા કુટુંબમાંથી આવ્યા હોઈએ પણ હવે હું ઈશ્વરના ઘરની છું. તો મરજીવા જન્મમાં લૌકિક જીવનની કોઈપણ વાત મને યાદ ના આવે. જે વીતી ગયું તે વીતી ગયું. હવે વર્તમાનમાં જીવવાનું છે. ભગવાન માટે કહેવાય છે કે તે જાની જાનનહાર છે. હાજરાહજૂર છે. આ

(અનુસંધાન પેજ નં. 07 પર)

### પ્રસન્નતાના પથ પર

# અંધકારમાંથી પ્રકાશ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



અંધકારમાંથી પ્રકાશ તરફ જવામાં કેટલો સમય લાગે છે ? એક સ્વીચ દબાવીને બધું સાફ દેખાવા લાગ્યું. અર્થાત્ દૃષ્ટિ બદલાઈ ગઈ. જીવન જીવવાની દિશા જ બદલાઈ ગઈ. જો અંધકાર હશે તો ઠોકરો (ઠેસ) ખાઈશું. જ્યારે પ્રકાશમાં આવીએ છીએ ત્યારે પથ પર ચાલવું સરળ બની જાય છે. આજે આપણું મન પણ સ્વીચ ઓફ કરેલું છે. કારણ કે અજ્ઞાનતાનો અંધકાર હોવાથી દુઃખ, અશાંતિ, દર્દ જ દેખાશે. આપણી આવી દુનિયા કેમ બની ? કારણ કે આપણે બધું સ્વીકારતા જ રહ્યા. જેમ જેમ દુન્યવી વાતો ગ્રહણ કરતા ગયા તેમ તેમ તેમાં વૃદ્ધિ થતી ગઈ.

શું આપણે એ જાણવા ઈચ્છીએ છીએ કે એવી દુનિયા પણ છે જ્યાં દુઃખનું નામ નિશાન પણ નથી. આવી દુનિયામાં દર્દ શું છે તેની ખબર પણ પડતી નથી. જ્યાં બીમારી તો હોતી જ નથી. જ્યાં આપણે એક શરીર લઈ 150 વર્ષ સુધી એ શરીરમાં નિરોગી રહીએ છીએ. સમય જતાં એવું મન થાય છે કે આપણે શરીર બદલીએ. આમ આપણી ઈચ્છાથી આપણા જૂના શરીરનો ત્યાગ કરીને નવું શરીર લઈએ છીએ. આજે પણ પોતાના શરીરને છોડીને નવું શરીર ધારણ કરે છે. પણ અહીં ઉપર જણાવેલી દુનિયા જેવું નથી. કેટલાક સિદ્ધ સંતો પણ છે જેઓ આમ કરી શકે છે. (ગુજરાતમાં પૂજ્ય મોટા દૃષ્ટાંતરૂપ છે.)

આપણે એવી દુનિયા બનાવવાની છે જ્યાં લોકો ઈચ્છા મૃત્યુ કરી શકે છે. કેટલાક લોકો એવું કહે છે કે આ દુનિયા બદલાય જાય. કેટલાક એવું કહે છે કે અમે આ દુનિયા બદલી દઈશું. કેટલાક લોકો જૂના મકાનમાં રહેવા ઈચ્છે છે. તેઓ કહે છે આ મારું ઘર છે. મારે એમાં જ રહેવું છે. કેટલાક લોકો તો મકાન તોડવાનું પણ કાર્ય કરે છે. તેઓ તૂટતી દીવાલમાં ખીલા પણ મારે છે. કેટલાક લોકો જૂનાં મકાનમાં રહીને નવું મકાન બનાવે છે. રહેવાનું તો જૂના મકાનમાં જ હોય છે. જ્યારે આપણું નવું મકાન તૈયાર થઈ જાય છે તો જૂના મકાનમાંથી નવા મકાનમાં આવીએ છીએ. શું આપ મકાન બનાવવા માટે તૈયાર છો ? અર્થાત્ જીવનમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છો ? તો આજથી જ આપણે કોઈ ખોટું કામ કરવાનું નથી. દરેક વિચાર, દરેક બોલ, દરેક વ્યવહારમાં ઉર્જા (શક્તિ) ભરવાની છે. આમ વ્યક્તિ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન થશે.

**॥ ઓમશાંતિ ॥**

---


**(પેજ નં. 06નું અનુસંધાન)... અમૃતધારા**

ભાવના ભક્તિમાર્ગમાં હતી. અત્યારે વાસ્તવિક રીતે ભગવાનનાં બાળકો છીએ. એમણે આપણને દરેક કર્મની ગતિની જાણકારી આપી છે. એ પણ કહ્યું છે કે બાળકો, તમે ઈશ્વરીય યાદમાં રહેશો, તો તમારી ભૂતકાળની વાતો દગ્ધ કરી દઈશ. ભગવાન આપણને એ શીખવે છે કે મારે વર્તમાનમાં શું કરવાનું છે.

**॥ ઓમશાંતિ ॥**

# ત્રિવેણી

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



## મધુર બનો

મધમાં એક એવું આકર્ષણ છે કે લોકો એનો સ્વાદ લેવા ઈચ્છે છે. એના રસ અને શક્તિથી આનંદિત થવા માટે એની તરફ ખેંચાય છે. આ રીતે મધુરતામાં પણ એક એવું આકર્ષણ છે કે લોકો મધુર વચનો સાંભળવા માટે ઉત્સુક બને છે. એનાથી એમને ઘણું સુખ મળે છે. એટલે શિવબાબા કહે છે, મધુર બનો, મીઠા બનો અથવા ક્ષીર ખંડ બનો કારણ કે મધુરતા જ એકતા અને સ્નેહ લાવે છે. જેનાથી સુખ - શાંતિ બન્ને આવી જાય છે.

જો ડોક્ટર રોગીને સારી દવા આપે પરંતુ મધુર વચનો ના બોલીને કડકાઈ તથા કટુતાથી બોલે તો રોગી એની સારવાર છોડી દે છે. તે તેનો પૂરો લાભ લઈ શકતો નથી. આ રીતે એક સમાજ સેવક ઘણી સેવા કરવા છતાં પણ શીતળ તથા મધુર વ્યવહાર નથી કરતો તો લોકો એનાથી દૂર ભાગે છે. જ્ઞાનવાન તથા રુહાની સેવક માટે તો મધુરતા અને શીતળતાનો ગુણ ઘણો જરૂરી છે. નહીંતર એ શુષ્ક અને કડવા માનવ પાસેથી જ્ઞાન કોણ સાંભળશે ?

આ સંસારમાં મનુષ્ય બીજાઓને જે દુઃખ આપે છે તે પાછું એની પાસે આવે છે. ગુંબજમાં બોલનાર માનવનો અવાજ પાછો પોતાની પાસે આવે છે. તેથી યાદ રાખીએ કે બીજાઓને સુખ આપવાથી, દાન કરવાથી, એમની સેવા કરવાથી તથા પુણ્ય કરવાથી જ પોતાના મનમાં પણ હર્ષ થાય છે. હર્ષિત મનુષ્યના મુખમાંથી શીતલકારી તથા મધુર વચનો નીકળે છે.

આપણે સૌ કહીએ છીએ કે ‘હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ સબ આપસમેં હૈ ભાઈ-ભાઈ’ પરંતુ આ સર્વે ભાઈઓના એક બાપ કોણ છે જેની એકમત પર ચાલીને એકમત થવાનું છે. આ ન જાણવાને કારણે આજે પરસ્પર એકબીજાથી નફરત છે અને એક બીજાને ખૂની આંખોથી જુએ છે. એક બાપને જાણવાથી પરસ્પર ભાઈ-ભાઈનો સંબંધ જોડાય છે અને એકમત નિર્ધારિત થાય છે.

એ જાણવું પણ જરૂરી છે કે આ ભાઈ-ભાઈનો સંબંધ આત્મિક સંબંધ છે. એટલા માટે યાદ રાખો કે આપણે સૌ એક જ ઈશ્વર પિતાનાં બાળકો છીએ. એક જ ઈશ્વરીય કુળના છીએ અને ઈશ્વર તો પ્રેમના સાગર છે તેથી સૌએ પરસ્પર પ્રેમથી, ભાઈ-ભાઈની જેમ ઘણો સ્નેહયુક્ત વ્યવહાર કરવાનો છે. ભગવાન શિવ કહે છે, મીઠાં બાળકો, હવે હું આપ સર્વને સતયુગી પ્રેમભરી દુનિયામાં લઈ જવા માટે આવ્યો છું તેથી ઘણા ઘણા મધુર બનો.

## રુહાનિયતથી ચાલો, રોબથી નહીં

આજકાલના જમાનામાં દબાવવાથી કોઈ કોઈનાથી દબાતો નથી પણ ખોટી રીતે દબાવવાથી લોકો ઉશ્કેરાઈ જાય છે અને દબાવવાવાળાનો રોબ તથા સન્માન ચાલ્યાં જાય છે. આજે એટલા માટે જ મજૂરો તથા કર્મચારીઓએ સંગઠન (Unions) બનાવી રાખ્યાં છે. કોઈ એમની સાથે થોડા પણ અકડાઈને વ્યવહાર કરે, તો એક બે વાર જ એને દબાવી શકશે. ત્રીજી વાર આવું કરે

તો એ વ્યક્તિ વિરુદ્ધ આંદોલન શરૂ થઈ જાય છે. આ રીતે ઘરમાં પણ જો કોઈ વ્યક્તિ પોતાનાથી નાનાંઓને વધારે દબાવે છે યા સદા એની પાસેથી રોબથી કામ લે છે તો છેવટે એક દિવસે તેમના સામે બોલે છે અને એ વ્યક્તિ પ્રત્યે મનમાં સ્નેહ યા સન્માનની ભાવના નથી રહેતી પરંતુ એની સામે ઘૃણાની નજરે જોવા લાગે છે. તેથી રોબ વિના ગાડી ચાલતી નથી એમ માનવું ખોટું છે. એવું પણ નથી કે પોઝીશન યા ભપકા વિના લોકો માનતા નથી. સાચી વાત તો એ છે કે જે બીજાઓ સામે નમે છે, લોકો પણ એની આગળ નમે છે. જે અકડાઈને રહે છે તેના કહ્યામાં લોકો રહેતા નથી. એનું એક સ્થૂળ ઉદાહરણ એ છે કે જે વૃક્ષ નમેલું હોય છે, છાયા આપે છે એની નીચે મોટા મોટા ધનિકો અને મજૂરો પણ આવીને બેસે છે. પણ જે વૃક્ષ એકદમ અકડાઈને ઊંચું જાય છે. દા.ત. ખજૂર યા વાંસ. આ વૃક્ષ નીચે કોઈપણ બેસવાનું પસંદ કરતા નથી.

બીજાઓને ડરાવવા, ધમકાવવા યા પોતાની પોઝીશનથી એમને દબાવવા એ દિવ્ય જીવનની રીત નથી. જેઓ યોગ્ય, કાર્ય કુશળ, પરિશ્રમી અને મહેનતુ હોવા છતાં પણ બીજાઓની આગળ નમીને રહે છે લોકો એમની આગળ સ્વાભાવિક રીતે ઝૂકે છે. આપણું કર્તવ્ય યા લક્ષ્ય કોઈને ઝૂકાવવાનું નથી પરંતુ યોગ્ય બનીને, અહંકારને છોડીને કર્તવ્ય કરવાનું છે. આમ કરવા છતાં પણ તે સ્વયં ઝૂકીને રહે છે. જ્યારે આપણે એમ કરીશું, તો આપણી નીચે કાર્ય કરનારા જોશે કે આ વ્યક્તિ આટલી યોગ્ય હોવા છતાં પણ કેટલી નિરહંકારી છે. તે નાનાંઓ સાથે પણ ભળી જાય છે. તેઓ એમના મનમાં બોલશે કે અરે આ તો એની મહાનતા છે. નહીંતર અમે તો એની આગળ કંઇ નથી. તેઓ અમારી સાથે સ્નેહ અને સહાનુભૂતિ રાખે છે અને આપણને હંમેશાં એમની નજીક રાખે છે. કદી અમને ઝૂકવા પણ દેતા નથી. અરે, આ તો ઘણા મહાન છે, આ તો મનુષ્યના શરીરમાં કોઈ ફરિશ્તા યા દેવતા જેવા છે. એના માટે તો અમે જીવ પણ આપી શકીએ. તો આપણું જીવન વાસ્તવમાં એવું હોવું જોઈએ કે આપણા પ્રેમના કારણે લોકો પ્રેમ કરે, રોબના લીધે નહીં. આપણે સ્વયં યોગ્ય બનીએ, સ્વયં પોતાના હાથથી કામ કરીએ. બીજાઓને કાર્ય શીખવાડીએ, એમના કાર્યમાં મદદગાર બનીએ, રુહાનિયતમાં રહીને કર્મ કરીએ પછી રોબ રાખવાની યા પોઝીશન બતાવવાની જરૂર નથી રહેતી.

## ઘૃણા પણ મહાબળવાન શત્રુ છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને આળસ - આ છ વિકારોને મનુષ્ય માટે ષટ્ રિપુ અર્થાત્ છ શત્રુ કહેવામાં આવે છે. કારણ કે આ મનુષ્યના ખજાનાને લૂંટનારા અને એના મનને અશાંત કરનારા છે. પણ આપણે જોઈએ છીએ કે ઘૃણા અને દ્વેષ પણ આ વિકારોથી ઓછા નથી. છ શત્રુઓમાં એની ગણના ન કરવાનો અર્થ એ નથી કે આ કોઈ વિકાર નથી. પરંતુ એની ગણના અલગ એટલા માટે કરવામાં આવી છે કે આ એવા વિકાર છે જેમાં કામ, ક્રોધાદિ સર્વવિકાર સમાયેલા છે. તેથી ઘૃણા રૂપી મહાબળવાન શત્રુ પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનો સઘન પ્રયાસ કરવો જોઈએ કારણ કે ઘૃણા એક એવી અગ્નિ છે. જેમાં મનુષ્યનું પોતાનું રક્ત અને મસ્તિષ્ક બળતણની જેમ સળગે છે. એનું લોહી ઉકળે છે અને રોષના કારણે શેકાતો રહે છે, તે સદા સળગેલી હાલતમાં રહે છે. એનો વિવેક નષ્ટ થઈ જાય છે. એનું શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય પણ બગડવા લાગે છે.

જે મનુષ્ય યોગનો અભ્યાસ કરવા ઈચ્છે છે,

(અનુસંધાન પેજ નં. 33 પર)

# પ્રકૃતિનો પોકાર

બ્ર.કુ. સતીશ, માઉન્ટ આબુ

અનંતકાળથી પ્રકૃતિ પુરુષની સહચરી રહી છે. સૃષ્ટિના આરંભિક કાળમાં સંપૂર્ણ સતોપ્રધાન હોય છે, પછી કલિયુગના અંતિમકાળ સુધી પૂર્ણ તમોપ્રધાન બની જાય છે. પ્રકૃતિની જ ગોદમાં જન્મ લેનાર અને ઉછરનાર મનુષ્ય જ્યારે પ્રકૃતિ પર જ અત્યાચાર કરવા લાગે છે. એનું દોહન-શોષણ કરીને ભિન્ન ભિન્ન પ્રકારની પીડા પહોંચાડે છે તો પ્રતિક્રિયામાં પ્રકૃતિ પણ કોપિત બની જાય છે. સૃષ્ટિ પર થનારી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભયંકર હિમપાત, વિકરાળ ધરતીકંપ, પૂર, અલનીનો-લીનિનો જેવાં સંકટ પ્રકૃતિના પ્રકોપના પ્રતીક છે.

મનુષ્યની વૃત્તિ, દૃષ્ટિ, કૃતિ અને પ્રવૃતિનો પ્રભાવ પ્રકૃતિ પર અવશ્ય પડે છે. તમામ વૈજ્ઞાનિક શોધો, પ્રયોગો અને અનુભવોના આધારે આ વાત પ્રસિદ્ધ થઈ ગઈ છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે પ્રકૃતિનો પ્રકોપ વધારે તીવ્ર બનશે. ધરતીનો મિજાજ ગરમ થઈ રહ્યો છે. શતાબ્દીઓના ઉચ્ચ તાપમાનવાળા વર્ષોથી આપણે પસાર થઈ રહ્યા છીએ. પૃથ્વીના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી રહ્યું છે. ઓઝોનના પડમાં છિદ્રો થવાના કારણે જીવન-જગત પર સંકટનાં વાદળ ઘેરાઈ રહ્યાં છે. પરિણામે પૃથ્વીના ધ્રુવોમાં વ્યાપક પરિવર્તન થઈ શકે છે. બરફના પીગળવાથી સમુદ્રજળની સપાટી વધશે અને નીચેના ભાગોમાં વસેલા દેશ તથા નગર જળ સમાધિ લઈ લેશે. પૃથ્વીના ધ્રુવ પરિવર્તનથી પૃથ્વીની ચુંબકીય શક્તિને અસર થશે. જ્વાળામુખી ફાટીને ધરતીકંપ લાવશે અને કેટલાયે જમીનના ભાગોને પીગળાવી દેશે. ખગોળ વૈજ્ઞાનિક તમામ ગ્રહો - ઉપગ્રહો સમીપ આવવાના અને ટકરાવાના સંકેત આપી રહ્યા છે. સાથે સાથે માનવ નિર્મિત સામગ્રી તો ઘણી ભયાનક છે. પ્રકૃતિના પ્રકોપથી તો માનવ બચી જાય છતાં પણ પોતે જ સર્વનાશ માટે પોતાના હાથે શસ્ત્રો બનાવ્યાં છે. જે પ્રકૃતિના સંકેતો સમજી રહ્યા નથી તો જાણી બૂઝીને મહાવિનાશને આમંત્રણ આપી રહ્યા છે. મનુષ્ય ખુલ્લા કાને પ્રકૃતિના પોકારને સમજી શક્યો હોત તો સારું થાત.

### પ્રકૃતિની ભાષાને સમજો

વાસ્તવમાં પ્રકૃતિનો પોકાર સાંભળતાં પહેલાં એની ભાષાને સમજવાની કોશિશ કરવી જોઈએ. જેમ શરીરમાં કેટલાંક લક્ષણોથી રોગનું અનુમાન કરીને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થઈ જઈએ છીએ એ રીતે પ્રાકૃતિક આપદાઓના નાના નાના સંકેતો સમજીને સાવધાની રાખવી જોઈએ.

પ્રકૃતિ પોતાની ભાષામાં સહયોગનું આવાહ્ન કરી રહી છે. સૃષ્ટિની આદિમાં સૌ ઈન્દ્રિયજીત, કામજીત અને પ્રકૃતિજીત હતા. રાજાનો પ્રજા અને પ્રકૃતિ પ્રત્યે શાસક તથા શોષિત અને શોષકનો સંબંધ નહોતો પણ પિતા-પુત્ર ભાવ તથા મૈત્રીભાવ હતો. ધીરે ધીરે પુરુષ તથા પ્રકૃતિનો સંબંધ સ્વામી અને દાસ્યભાવયુક્ત  થવા લાગ્યો. પુરુષના આ બદલાયેલા આચરણને લીધે ભયંકર ધરતીકંપ થયા, દૈવી સંપ્રદાયના લોકો વામમાર્ગી બન્યા. પરિણામે દૈવી સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ. અહીંથી પુરુષ અને પ્રકૃતિનો સંબંધ દિવસે દિવસે પતનોન્મુખ બનતો ગયો. પુરુષ અર્થાત્ આત્માનો અને પ્રકૃતિ અર્થાત્ શરીરનો પરસ્પર સંબંધ શું છે એનું જ્ઞાન તથા ભાન રહ્યું નહીં. આપણે માટીનાં

પૂતળાં બનીને યંત્રવત્ વ્યવહાર કરવા લાગ્યા. દેવત્વતો દૂર, માનવતાથી પણ નીચે આવીને, દાનવતાની સાથે પ્રકૃતિનું દમન થવા લાગ્યું તેના કારણે આજે કલિયુગી માનવ કષ્ટો ભોગવવા માટે લાચાર છે. પ્રાકૃતિક આપદાઓને ઈશ્વરીય આપદા કહેવી તથા પ્રકૃતિને દોષ આપવો તે આપણી અક્ષમ્ય ભૂલ છે. પ્રકૃતિ તો પૂર્ણ સુખદાયી છે. સહયોગી છે અને ઉત્તમ શ્રેણીની સેવાધારી છે. એની ભાષાને સમજો. એની પાસે આવશ્યકતા જેટલું સર્વ કાંઇ છે. પરંતુ લાલચ માટે કંઈ નથી.

## આવો, પ્રકૃતિની સેવા કરીએ

નિ:શંક સેવા કરવા માટે નિ:સ્વાર્થ ભાવના, નમ્રતા, ત્યાગ અને સહનશીલતાની જરૂર હોય છે તો સ્વરાજ્ય અધિકારી પ્રજારૂપ પ્રકૃતિના ગુણો તથા શક્તિઓથી સેવા કરે. આ સેવા માટે આપણે એક પ્રયોગ કરીએ.

પોતાના મૂળ ગુણો - જ્ઞાન, પ્રેમ, શાંતિ, પવિત્રતા અને આનંદને ક્રમશ: જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ અને આકાશ પર કેન્દ્રિત કરો. પોતાની સામે એક દૃશ્યનું નિર્માણ કરો કે હું આત્મા ભ્રૃકૂટિ સિંહાસન પર બિરાજમાન છું. મારાથી પ્રવાહિત શુભ અને શ્રેષ્ઠ સંકલ્પનાં આંદોલનો વાતચીતનું તથા શક્તિ મોકલવાનું માધ્યમ છે. પાંચે તત્ત્વોપણ આજ્ઞાકારી, વફાદાર સૈનિક પ્રમુખની વેશભૂષામાં સામે જ ઉપસ્થિત છે. કુશળક્ષેમ પછી વાતચીત શરૂ થાય છે. મારા જળસાથી ભૂમંડલ પર રાજ્યવિસ્તાર તો તમારો જ છે. જો પાણી ના હોય તો સમગ્ર સંસાર બળીને ખાખ થઈ જાય. ...જીવન જ ના રહે... જો કે માનવે તને વહેંચ્યું, સૂકવી દીધું, પ્રદૂષિત કર્યું છતાં પણ હે જીવનદાયી જળ ! તારે આ રીતે કોપિત થવાની જરૂર નથી... હા, માનવને તો સજા મળશે જ પણ થોડા થોભો... હજુ સ્થાપનાના કાર્યમાં થોડો સમય જોઈએ... તને સમય પર સંકેત મળી જશે. .. થોડી વધારે ધીરજ ધરો... તારી સાથે મારી પૂરી સહાનુભૂતિ છે.

તત્ત્વ સેનાની સેનાધિપતિ પૃથ્વી. તું તો ધરતીમાતા કહેવાય છે... ધૈર્ય તો તારું આભૂષણ છે... સૌને પોતાની ગોદમાં પાલન કરીને એમને જીવન આપ્યું છે... પરંતુ કૃતઘ્ની પુત્રોએ મોટી ક્રૂરતાથી તારું શોષણ કર્યું... તારું વિભાજન કર્યું, ખોદકામ કર્યું અને ખાધું... અત્યાચારોના બોજથી તને દુ:ખ થયું છે... છતાં પણ મમતામયી, પ્રેમ સ્વરૂપા, તેં પોતાનાં સંતાનોને ક્ષમા કરીને ઉપકાર જ કર્યો, છતાં પણ હે રત્નગર્ભા, એમનો અપરાધ માફ કરીને એને થોડી તક આપ... પ્રેમનો અલંકાર ધારણ કરતી રહો.

આ રીતે વાયુ, અગ્નિ અને આકાશ તત્ત્વોને પણ શાંતિ, પવિત્રતા અને આનંદના શસ્ત્રાલંકારથી સુસજ્જિત કરીને એના ઉપર સ્નેહ - સહાનુભૂતિ અને શક્તિનાં કિરણો, આંદોલનો વેરો.

## સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને સેવાઓ જરૂરી

કેટલાક પુરુષાર્થી તો એમ કહે છે કે અમે તો યોગ-પ્રયોગ જાણતા નથી એમ કહીને પોતાનું કર્તવ્ય પૂરું થયું સમજે છે. તેઓ કહે છે કે અમારી શુભભાવના તો છે. બીજા એવા પણ છે જે સમજે છે કે ઈશ્વરીય યાદની યાત્રા જ અમારા માટે પ્રકૃતિની સેવાનું સાધન છે. ત્રીજા એવા પુરુષાર્થી છે જે કહે છે કે અમને તો આવા પ્રયોગ વગેરેમાં શ્રદ્ધા નથી. અમે તો વ્યવહારિક વાતોનો સ્વીકાર કરીએ છીએ. આપણે સામે જઈને પીડિતોની સેવા કરવી જોઈએ. વાસ્તવમાં જ્યાં સ્થૂળ સેવા અને સહયોગથી આપણે પ્રકૃતિ તથા પીડિતોની મદદ કરી શકીએ છીએ. ત્યાં જ શુભ ભાવના - શુભ

(અનુસંધાન પેજ નં. 05 પર)

## દિવ્યદર્શન

# હોળી આવી રે... આધ્યાત્મિક અલૌકિક સંદેશ લાવી રે...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

દર વર્ષે ફાગણ સુદ પૂનમનો દિવસ 'હોળી' તરીકે અને વદ એકમનો દિવસ 'ધૂળેટી'ના ઉત્સવ તરીકે ધામધૂમથી મનાવાય છે. આ તહેવાર ભારતના બધાં જ પ્રાંતોમાં તથા દરેક વર્ણ દ્વારા ઉમંગ-ઉત્સાહથી ઉજવાય છે. તેમાંય રાજસ્થાનમાં મારવાડી પ્રજાનો સૌથી વધુ માનીતો ઉત્સવ હોળીનો ગણાય છે. અઠવાડીયા અગાઉ હોળાષ્ટક બેસી જાય છે અને આ સપ્તાહમાં કોઈ શુભ કાર્ય કરતા નથી. ઠંડી પૂરી થયા પછી ગરમી શરુ થતાં, શિયાળુ રવિપાકની ફસલ તૈયાર થઈ જતાં, બજારમાં વેચાતાં, ખેડૂતો અને ગ્રામજનોના હાથમાં પાકની કમાણી આવતાં આ ઉત્સવ અધિક આનંદપૂર્વક મનાવાય છે. ૩૧મી માર્ચ પછી ૧ એપ્રિલથી નવું નાણાંકીય વર્ષ નજીકમાં આવતું હોય છે. હોળી ઉત્સવ માટે બનાવેલા ગીતો પણ વિશેષ હોય છે અને લોકો હળવા થઈને ખુશીથી ગાય છે. રાજસ્થાનની ધરતી પર તો પગ મૂકતાં, ત્યાંના લોકો અંતરમાંથી (દિલમાંથી) પ્રકટતો ગીતોનો મધુર અવાજ આપણા હૃદયને પણ આકર્ષે છે. ગુજરાતમાં કે અન્ય રાજ્યોમાં કામ કરતાં મારવાડી કારીગરો યા મજૂરો આ દિવસોમાં લાંબી રજા પાડી માદરે વતનમાં પહોંચી જઈને, સગા-સંબંધીઓ સાથે આ પર્વ મોજમઝાથી મનાવી, કામનો થાક ઉતારીને, ફરી કામે ચઢવા માટેનું નવું જોમ ભરી લે છે. તેથી કહેવત છે કે - 'દિવાળી તો અઠે કઠે પણ હોળી તો ઘરે ઘરે...'

'હોળી' પર્વ સાથે સંકળાયેલી દંત કથા પણ જાણીતી છે પ્રતાપી રાક્ષસ રાજા હિરણ્યકશ્યપ પોતાને જ ભગવાનના માનીને, પોતાની પૂજા કરાવે છે અને શ્રી વિષ્ણુનો વિરોધ કરે છે. પરંતુ સંજોગવશાત્ તેનો પુત્ર જ તેના મૃત્યુનું કારણ બને છે. તેના ઘરે પ્રહલાદનો જન્મ થાય છે અને તે વિષ્ણુનો અનન્ય ભક્ત બની, તેમની અપરઅપાર ભક્તિ અને સ્તુતિ કરે છે. આ હકીકત પિતા હિરણ્યકશ્યપને બિલકુલ ગમતી નથી. કાંટા વચ્ચે પણ ગુલાબ સુગંધ પ્રસરાવે છે. કાંટા જેવા રાક્ષસને ઘેર ગુલાબ જેવો પુત્ર જન્મ્યો. રાક્ષસરાજ પ્રથમ પ્રહલાદને સમજાવે છે. પરંતુ તે માર્ગમાં નિષ્ફળતા મળતાં, બળ વાપરીને તેને મારવાના પ્રયત્નો કરે છે. પરંતુ કહેવાય છે કે - 'જેને રામ રાખે તેને કોણ ચાખે', પ્રભુકૃપાથી પ્રહલાદને ખતમ કરવાના અનેક પ્રયત્નો નિષ્કામ છતાં, છેવટે ધૂંધવાયેલા રાજાએ પોતાની સગી બહેન હોલિકાને હૂકમ કર્યો કે, એણે પ્રહલાદને ખોળામાં બેસાડીને ચિતામાં બેસવું. હોલિકાને ભગવાન વિષ્ણુનું વરદાન હોય છે કે અગ્નિ તેનું દહન નહીં કરે. હોલિકા અમરભવની ચુંદડી માથે ઓઢીને પ્રહલાદને પોતાના ખોળામાં બેસાડીને ચિતામાં બેસે છે. ચિતાનો અગ્નિ ભડ ભડ થતાં, તેમાં અસદ્ વૃત્તિરૂપી રાક્ષસી હોલિકા બળી ગઈને, ઈશ્વર કૃપાથી પ્રહલાદ જીવતો નિકળ્યો. છેવટે ભગવાને નૃસિંહ અર્થાત્ નરનું મુખ સિંહ જેવું ધારણ કરીને રાક્ષસનો સંધ્યાકાળે વધ કર્યો. 'હોલિકા'નું દહન થતાં અને પ્રહલાદ બચી જતાં હોળી પૂજનની પ્રથા શરૂ થઈ. હોળી આસુરી સંસ્કારોને બાળી દઈને, દૈવી સંસ્કારોને જીવનમાં અપનાવવાનું પર્વ છે.

હોળી પછી બીજા દિવસે લોકો ખુશ થઈને એકબીજા પર રંગ-ગુલાલ છાંટ્યા, કેસૂડાના રંગ

છાંડ્યા, ખાંડના પતાસા જેવા હાયડા તથા ખજૂર જેવી મીઠાઈ ખવડાવી લોકોએ એકબીજાનું મ્હોં મીઠું કરાવ્યું. આ પ્રસન્નતાનો દિવસ એટલે ધૂળેટીનું પર્વ, હોળીની મસ્તી કંઈક જુદી જ હોય છે. કહેવાય છે કે 'હોળી એટલે આગ અને ધૂળેટી એટલે રાગ', 'હોળી એટલે તેજ અને ધૂળેટી એટલે રંગ' આથી જ આ પર્વને રંગોનો ઉત્સવ પણ કહેવામાં આવે છે. હોળી-ધૂળેટીની વાત નીકળતાં જ કૃષ્ણ-રાધાની યાદ આવ્યા વિના ન રહે. રાધાકૃષ્ણના અતૂટ પ્રેમની યાદગીરીમાં આ પ્રસંગે કેટલાંક કૃષ્ણગીતો કવિઓએ ઉમળકાભેર ગાયા છે. 'હોલી ખેલે નંદલાલ, બિરજ મેં હોલી ખેલે નંદલાલ' વૃંદાવનમાં પણ આ તહેવાર અતિ ઉત્સાહથી મનાવાય છે. કેટલાંક લોકો શ્રીકૃષ્ણને ઝુલામાં ઝુલાડતા દેખાડે છે. જેથી આપણા જીવનમાં ઉમંગ-ઉત્સાહ આવે અને આપણે અતીન્દ્રિય સુખના ઝુલામાં ઝુલીએ. ફાગણના રંગોથી જીવનને રંગીન બનાવીએ.

## હોળી પર્વનો આધ્યાત્મિક અલૌકિક સંદેશ

1. હોળી પૂર્ણિમાને દિવસે મનાવાય છે, જે આપણને સૂચવે છે કે આપણે પૂનમના પૂર્ણ ખીલેલા ચંદ્રની જેમ ૧૬ કળાસંપૂર્ણ બનીએ.
2. હોળીના દિવસે સૂકા લાકડાં અને છાણાં બાળીએ છીએ, જે આપણને એમ કહે છે કે, આપણે દુઃખદાયી આસુરી સંસ્કારો અને છાણાં જેવી ગંદી-ખરાબ આદતોને યોગાગ્નિ પ્રગટાવીને બાળી દઈએ.
3. ધૂળેટી પર પીચકારી દ્વારા એકબીજા પર રંગ છાંટીએ છીએ, જેનો ભાવ એ છે કે, જ્ઞાનરૂપી પીચકારી દ્વારા, એકબીજા પર સત્સંગનો રંગ તથા સદ્ગુણોનો સુગંધીદાર રંગ ચઢાવીએ, જેથી લોકોનું જીવન મહેંકી ઉઠે.
4. ધૂળેટીના દિને લોકો એકબીજાને ભેટીને મંગલ મિલન મનાવે છે. જેનો અર્થ એ છે કે, આપણે પરસ્પર વેરભાવ તથા ઈર્ષ્યા-દ્વેષ મિટાવી, સ્વભાવ-સંસ્કારોનું મિલન કરી, પ્રેમભાવ પ્રગટાવીને સંપથી રહીએ. તલવારો ખેંચીને હિંસાનું જંગલી મિલન નહિ, પરંતુ પ્રેમનું મંગલ-મિલન મનાવીએ.
5. હોળી પર લોકો શેકેલા ધાણી-ચણા ખાય છે. જે ઠંડીની ઋતુમાં શરીરમાં અંદર ભરાયેલ કફને બહાર કાઢતાં આરોગ્ય બક્ષે છે. જેનો આધ્યાત્મિક અર્થ એ છે કે, શેકેલું ધાન્ય, નવા ફળને પેદા કરી શકતું નથી. એ રીતે જ્ઞાનયુક્ત સ્થિતિમાં સ્થિત થઈ કરેલું કર્મ વિકર્મ-પાપકર્મનું રૂપ ધારણ કરતું નથી.
6. આ પર્વ પર પતાસાં-હાયડા-ખજૂર જેવી મીઠાઈ ખાવા ખવડાવવાનો ભાવાર્થ એ છે કે, આપણો સ્વભાવ મધુર મીઠો બનાવી, પરસ્પર મધુર વચનોની લેણદેણ કરીએ.
7. હોળી એટલે હો+લી અર્થાત્ બીતી સો બીત ગઈ. વીતી ગયેલ વાતનું અર્થાત્ ભૂતકાળનું ચિંતન ન કરો. બીતી કો બીતી કર વર્તમાનમાં ખુશીથી જીવો અને ખુશી વહેંચો.
8. અંગ્રેજી ભાષામાં હોલી શબ્દનો અર્થ 'પવિત્ર' થાય છે. હોળી એ મન, વચન અને કર્મને પવિત્ર બનાવવાનો દૃઢ સંકલ્પ લઈએ.
9. હોલી અર્થાત્ હો ગઈ. હું આત્મા હવે પરમાત્માને અર્પણ થયો તેથી હવે જે પણ કર્મ કરીશ તે પ્રભુના આદેશ મુજબ શ્રીમત અનુસાર શ્રેષ્ઠ કર્મ કરીશ.

આવો, આવા સાચા આધ્યાત્મિક સંદેશ સાથે હોળી-ધૂળેટી પર્વનો અલૌકિક આનંદ લઈ

**(અનુસંધાન પેજ નં. 05 પર)**

# મહાશિવરાત્રીનું આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. મધુબેન, બાંટવા

ભારતીય જન માનસમાં એ માન્યતા છે કે શિવમાં સર્જન અને સંહારની ક્ષમતા છે. બીજી એ માન્યતા છે કે શિવ આશુતોષ છે. અર્થાત જલ્દી અને સહજ પ્રસન્ન થાય છે. આ ભાવના લઈને લોકો શિવલીંગ ઉપર જલ ચડાવે છે અને પૂજા કરે છે. પરંતુ પ્રશ્ન એ ઉઠે છે કે જીવનભર રોજ શિવની પૂજા કરવા છતાં પણ, શ્રદ્ધાપૂર્વક જાગરણ વ્રત વગેરે કરવા છતાં મનુષ્યના પાપ, સંતાપ, દુઃખ દર્દ કેમ નથી મટતા ? ખરેખર શિવને પ્રસન્ન કરવાની સહજ વિધિ શું છે ? શિવરાત્રીનું વાસ્તવિક રહસ્ય શું છે ? સાચી શિવરાત્રી કેવી રીતે ઉજવવી ?

મહારાત્રી અજ્ઞાનતા અને પાપાચારની સૂચક છે. શિવરાત્રી ફાગણ માસના કૃષ્ણ પક્ષની છેલ્લી રાત્રી અમાસના આગલા દિવસે મનાવે છે. પરમપિતા પરમાત્મા શિવનું અવતરણ સૃષ્ટિ લોકમાં સૃષ્ટિના અંતિમ ચરણમાં થાય છે. જ્યારે આ સૃષ્ટિમાં અજ્ઞાન અંધકાર છવાયેલો હોય છે. એટલે શિવની સાથે રાત્રી શબ્દ કહે છે. પરમાત્મા શિવની રાત્રીમાં પૂજાનું અધિક મહત્ત્વ છે. શ્રીકૃષ્ણ શ્રી રામ વગેરે દેવતાઓની પૂજા દિવસે થાય છે. કારણ કે શ્રીકૃષ્ણ શ્રીરામનો જન્મ સતયુગ અને ત્રેતાયુગમાં થયો હતો. મંદિરોમાં દેવતાઓને રાત્રે સુવડાવી દે છે. પરંતુ પરમાત્મા શિવની પૂજા માટે ભગત લોકો રાત્રે જાગરણ કરે છે. ઘણા લોકો કહે છે શિવ તમોગુણના અધિષ્ઠાતા અર્થાત આધાર છે. વાસ્તવમાં શિવ તમોગુણના આધાર નથી પરંતુ તમો ગુણના સંહારક યા નાશ કરનારા છે. અગર શિવ તમોગુણના અધિષ્ઠાતા અર્થાત આધાર હોય તો તેમને શિવ અર્થાત્ કલ્યાણકારી, પાપકટેશ્વર યા મુક્તેશ્વર વગેરે કહેવાનું નિરર્થક થઈ જાય, શિવનો અર્થ છે કલ્યાણકારી. શિવનું કર્તવ્ય આત્માઓનું કલ્યાણ કરવાનું છે. પરમાત્મા શિવે કલ્પના અંતમાં અવતરિત થઈ અજ્ઞાનતા દુઃખ અને અશાંતિને સમાપ્ત કરી હતી.

મહાશિવરાત્રીનું આધ્યાત્મિક મહત્ત્વ છે. મહાશિવરાત્રી માટે એક માન્યતા એ પણ છે. આ રાત્રીમાં પરમાત્મા શિવે મહાસંહાર કરાવ્યો હતો અને બીજી માન્યતા એ છે કે આ રાત્રીમાં એકલા ભગવાને અંબા જેવી અનેક શક્તિઓને સંપન્ન બનાવી રચનાનું કાર્ય શરૂ કર્યું. પરંતુ પ્રશ્ન એ ઉઠે છે કે શિવને જ્યોતિલિંગ કહે છે. અર્થાત જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ છે. તો એ સંહાર કઈ રીતે અને કોના દ્વારા કરાવે છે ? અને નવી દુનિયાની સ્થાપનાની રૂપરેખા શું છે ?

જ્યોતિ સ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સતયુગી સતોપ્રધાન સૃષ્ટિની સ્થાપના અને શંકર દ્વારા કલિયુગી તમો પ્રધાન સૃષ્ટિનો મહાવિનાશ કરાવે છે.

કલિયુગના અંતમાં બ્રહ્માના તનમાં પ્રવેશ કરી એમના મુખ દ્વારા જ્ઞાનગંગા વહેવડાવે છે. એટલે શિવને ગંગાધર કહે છે. સુધાકર અર્થાત અમૃત દેવાવાળા પણ કહે છે. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે ભારતમાતાઓ અને કન્યાઓ ગંગાધર શિવની જ્ઞાનગંગામાં સ્નાન કરે યા જ્ઞાન અમૃતનું પાન કરે છે. એજ શિવ શક્તિઓ અથવા અંબા સરસ્વતી વગેરે નામોથી પ્રખ્યાત થાય છે. એ ચૈતન્ય જ્ઞાનગંગાઓ અથવા બ્રહ્માની માનસ પુત્રીઓ જ શિવનો આદેશ મેળવી ભારતમાં મનુષ્યોને શિવજ્ઞાન દ્વારા પાવન કરે છે. એટલે શિવને

નારીશ્વર પતિત પાવન, પાપકટેશ્વર પણ કહે છે. કારણ કે મનુષ્ય આત્માઓને શક્તિરૂપ નારીઓ અથવા માતાઓ દ્વારા જ્ઞાન આપી પાવન કરે છે. તથા વિકારો રૂપી હળાહળ ઝેર પી એમનું કલ્યાણ કરે છે. અને સહજ મુક્તિ તથા જીવન મુક્તિનું વરદાન આપે છે. સર્વ મનુષ્ય આત્માઓને શરીરથી મુક્ત કરી શિવલોકમાં લઈ જાય છે. એટલે તેને મુક્તેશ્વર કહે છે. પરંતુ આ બન્ને કાર્ય કલિયગુના અંતમાં અજ્ઞાન રૂપી રાત્રીના સમયે ભગવાન શિવ દ્વારા સંપન્ન થાય છે.

એટલે સ્પષ્ટ છે કે શિવરાત્રી એક અત્યંત મહત્ત્વપૂર્ણ વૃતાંતનો સ્મરણોઉત્સવ છે. શિવરાત્રી મનુષ્યને દેવતા બનાવવાવાળા, દેવોના પણ દેવ, ધર્મપિતાઓના પણ પિતા. સદગતિદાતા પરમપ્રિય પરમપિતા પરમાત્માના દિવ્ય અને પરમ કલ્યાણકારી જન્મનો સ્મરણોત્સવ છે. પરંતુ આજે પરમાત્માનો યથાર્થ પરિચય મનુષ્ય પાસે ન હોવાથી, પરમાત્મા શિવને નામ રૂપથી ન્યારા માનવાને કારણે શિવ જયંતીનું માહાત્મ્ય ખૂબ ઓછું થઈ ગયું છે અને લોકો ધર્મના નામ પર ઝગડા અને ઈર્ષ્યા કરે છે. ભગત લોકો શિવરાત્રીના દિવસે ઉત્સવ પર આખી રાત જાગરણ કરે છે અન્નનો ત્યાગ કરે છે કેમ કે ખાવાનું ખાવાથી આળસ નિદ્રામાં માદકતાનો અનુભવ થાય છે. તેથી ઉપવાસ કરે છે. અને સમજે છે કે ઉપવાસ કરવાથી ભગવાન શિવ પ્રસન્ન થાય, પરંતુ મનુષ્ય આત્માઓને તમોગુણની નિંદ્રામાં લઈ જનાર અને રડાવનાર માદકતા તો પાંચવિકાર છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જ્યાં સુધી મનુષ્ય આ પાંચ વિકારોનો ત્યાગ ન કરે ત્યાં સુધી આત્મ જાગૃતિ સંપૂર્ણ રીતે નહીં થાય અને આશુતોષ ભગવાન શિવ પ્રસન્ન કેવી રીતે થાય ?

કારણ કે ભગવાન શિવ તો સ્વયં કામારી (કામના શત્રુ) છે. એ ભલા કામી મનુષ્ય પર પ્રસન્ન કેમ થઈ શકે ? બીજી વાત એ છે કે ફાગણ માસની કૃષ્ણ પક્ષની ચતુર્દશી રાત્રીમાં શિવરાત્રી મનાવે છે તે ખરેખર કલિયુગના અંતિમ ચરણનો સમય છે. આવા સમયે ભગવાન શિવે મનુષ્યને જ્ઞાન દ્વારા પાવન બનાવ્યા હતા વર્તમાન કલિયુગના અંતિમ ચરણમાં પરમાત્મા શિવનું અવતરણ થઈ ચૂક્યું છે. આ કલિયુગી સૃષ્ટિના મહાવિનાશની સામગ્રી એટમબોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, પરમાણું બોમ્બના રૂપમાં તૈયારી થઈ ચૂકી છે.

વર્તમાન સમયે પરમાત્મા શિવ દ્વારા વિશ્વ નવ નિર્માણનું કાર્ય થઈ રહ્યું છે. પરમાત્મા કહે છે કે મનવચન કર્મની શુદ્ધતાને ધારણ કરો, મનોવિકારો ઉપર જ્ઞાન-યોગ દ્વારા વિજય પ્રાપ્ત કરો એ જ સાચું મહાવ્રત છે. એજ મહાવ્રત શિવવ્રત નામથી પ્રસિદ્ધ છે. એ જ વાસ્તવમાં શિવનો મંત્ર (મત) છે. જે તારકમંત્રના નામથી પ્રસિદ્ધ છે. કારણ કે આ વ્રતથી યા મંત્રથી મનુષ્ય આત્માઓ આ સંસાર રૂપી વિષય સાગરથી તરી જાય અને મુક્ત બની શિવલોકમાં જાય છે. પરમાત્મા શિવ આ સૃષ્ટિ પર 83 વર્ષથી અવતરિત થઈ ચૂક્યા છે. પરમાત્મા શિવ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગની શિક્ષાથી સર્વ મનુષ્યાત્માઓને પાવન બનાવી રહ્યા છે. આપ પણ પરમાત્માની સાથે શિવરાત્રી મનાવી જન્મ જન્માંતર માટે શ્રેષ્ઠ ભાગ્ય પ્રાપ્ત કરી શકો છો. તો આવો અમારા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં પરમાત્માનો સાચો પરિચય પ્રાપ્ત કરો.

**॥ ઓમશાંતિ ॥**

# વાહ બાબા વાહ !

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

એક વ્યક્તિ પાસે મોબાઈલ ફોન હતો. ઘણા વર્ષોથી વાપરતો હતો. વિજ્ઞાન અને ટેકનોલોજીએ ઝડપી વિકાસ કરી નવા સ્માર્ટ મોબાઈલ ફોન આપ્યા. સાંપ્રત સમય સાથે રહેવા નવો, અદ્યતન, મોંઘો મોબાઈલ ફોન ખરીદ્યો. નવા મોબાઈલ ફોનમાં ઘણી બધી એપ્લીકેશનો હતી, પરંતુ તે વ્યક્તિને એ બધી એપ્સ વાપરતાં આવડતી ન હતી. તેથી તેને લાગવા માંડ્યું કે આના કરતાં જૂનો મોબાઈલ સારો. સ્માર્ટ મોબાઈલથી આધુનિક સમયનાં જરૂરી કામો પણ થઈ શકે છે. કામ સરળ થાય, સમય બચે, સુવિધાઓ વધે, સુખ વધે, ખુશી વધે, કદાચ સંપતિ પણ વધે, એશ આરામથી જીવન પણ વ્યતીત થાય. પણ જો મોબાઈલ ચલાવવાનું જ્ઞાન અને મોબાઈલ ચલાવવાની ચાવીઓ (એપ્સ) યથાર્થ રીતે વાપરી શકતો ન હોય તો ? મોબાઈલના મૂલ્યને સુખમાં પરિવર્તન ન કરી શકે ?

પરમપિતા પરમાત્મા રોજ રોજ મુરલીઓમાં શ્રીમત આપે છે, દરરોજ વરદાનો આપે છે. આત્માને સુખી થવાની શિવબાબાના ખજાનાથી ભરપૂર થવાની, મુશ્કેલીઓ અને દુઃખોના સમયમાં પરિસ્થિતિમાંથી પાર નીકળવાની અનેક શ્રીમતો (એપ્સ) આપે છે. કયા વિઘ્ન વખતે કઈ પરિસ્થિતિ વખતે કઈ ચાવી (એપ્સ) વાપરવાની છે તેનું યથાર્થ જ્ઞાન ન હોય, શિવબાબાએ આપેલી અષ્ટ શક્તિઓમાંની ચાવી એક પરખ શક્તિ ન હોય તો પરખશક્તિના અભાવે કઈ ચાવી ક્યાં વાપરવી તેના અભાવે પરિસ્થિતિને પાર કરી શકતો નથી. એવા સંજોગોમાં પરિસ્થિતિને વશ થઈ જાય છે અથવા હાર ખાય છે. અંતે સ્વીકારી લે છે કે ડ્રામામાં મારો રોલ હાર સ્વીકારવાનો હશે, દિલશિકસ્ત થઈ જાય છે.

સંબંધ સંપર્કમાં આવનાર આત્માને મળો ત્યારે હું આત્મા મારા ભાઈ આત્માને મળી રહ્યો છું. અને યાદ કરો કે ડ્રામાના પાર્ટમાં આ આત્મા સાથે મળવાનો મારો રોલ હતો, આપે મેળાપ કરાવી આપ્યો. તે આત્મા પાસેની સારી અને શ્રેષ્ઠ પ્રાપ્તિઓને જાણો, જ્ઞાન, દૈવીગુણો અને દૈવી શક્તિઓને જાણો અને ગ્રહણ કરો. તે આત્મામાં રહેલી બુરાઈઓ, અવગુણોને ન જોતાં તેનામાં રહેલું સારાપણું અને દિવ્ય ગુણોને મેળવો. અને કહો કે વાહ બાબા વાહ ! આપે આ આત્મા દ્વારા મને માઈનસમાંથી પ્લસમાં રૂપાંતર કર્યો.

એક ભાઈ બાબાના બાળક બન્યા, તે પહેલાં ઉગ્ર સ્વભાવના હતા. વાત વાતમાં ગુસ્સો આવી જાય. ભોજન લેતી વખતે પોતાની ઈચ્છા સ્વાદ અને અનુકૂળતા મુજબની વાનગી ન હોય તો ક્રોધાવેશમાં થાળી પણ ઉછાળે ! યુગલને અશિષ્ટ ભાષામાં પણ બોલે, પણ બાબાના બાળક બન્યા બાદ ભોજન લેતી વખતે શિવબાબાને યાદ કરી, બાબાને ભોગ લગાવી શિવબાબાની યાદમાં ભોજન લેતા થયા. ભોજનમાં મીઠું ઓછું હોય તો બાબાને યાદ કરીને કહે વાહ બાબા વાહ ! આપે મીઠા વગરનું ભોજન લીધું તો હું પણ તેવું જ ભોજન લઈશ. તમને ગમ્યું તે મને પણ ગમ્યું. વાહ બાબા વાહ કહેતા જાય અને પ્રભુપ્રસાદ લેતા જાય. પોતે ખુશ અને પરિવાર પણ ખુશ. તો તમે જ કહો વાહ બાબા વાહની ચાવી પરિવારમાં સુખ શાંતિ અને ખુશી લાવે કે ન લાવે ?

જે બ્રહ્માવત્સો વ્યવસાય, નોકરી, પ્રવાસ

અર્થે પ્રસ્થાન કરે ત્યારે શિવબાબાને યાદ કરે અને કહે બાબા ચાલો મારી સાથે ! મારા સાથે વાહન પર, મારી સાથે બેસી જાઓ. મારી ઉપર છત્રછાયા ધરો અને મારી સાથે રહો. પછી તમારા દ્વારા તો વાહન ચલાવવામાં ભૂલ થવાની શક્યતા જ નથી. પરંતુ અન્ય વાહનચાલકની ભૂલના લીધે તેનું કે બીજાનું વાહન નડી જાય તો તમને બાબા બચાવશે. કદાચ વાહનને નુકસાન થઈ જાય તો પણ બાબા તમને બચાવશે. તે સમયે વાહ બાબા વાહ કહો. બાબાનો આભાર માનો અને કહો કે શૂળીનો ઘા કાંટાથી ટાળ્યો ! મારા વાહનને નુકસાન થયું પણ મને તમે જ બચાવ્યો. વાહ બાબા વાહ આપે મને વિઘ્નથી બચાવી લીધો. વિઘ્નવિનાશક બનાવ્યો. વાહ બાબા વાહની ચાવી સાથે જ રાખો.

કોઈ વિદ્યાર્થી વર્ષાન્ત મહત્ત્વની કે સ્પર્ધાત્મક પરીક્ષા આપવા જતો હોય તો - બાબાને સાથે રાખે. પરીક્ષા શરૂ થતા પહેલાં બાબાને યાદ કરે છે, આપ મારી સાથે છો. આપની આપેલી શક્તિઓ સ્વરૂપ આત્મા છું. મારું મન અને બુદ્ધિ સ્થિર અને એકાગ્ર છે, અભ્યાસ દ્વારા મેળવેલ શ્રેષ્ઠ જ્ઞાન મારી પાસે છે, શ્રેષ્ઠ યાદશક્તિ છે. હું ઉતીર્ણ થઈશ અને તે પણ પ્રથમ હરોળમાં. વાહ બાબા વાહ આપ મારી સાથે છો તો મને મૂંઝવણ શાની હોય ? વાહ બાબા વાહની એપ વિદ્યાર્થી સાથે રાખે અને વાપરે તો ? લક્ષ્ય પ્રાપ્ત કરે જ ને ?

જ્યારે કોઈ વ્યક્તિ નવું મકાન બનાવતો હોય, નવો વેપાર ધંધો શરૂ કરતો હોય કે સાહસિક ઉદ્યમ શરૂ કરતો હોય ત્યારે - પરમપિતા પરમાત્મા શિવને યાદ દ્વારા સાથે રાખે, બાબાને યાદ કરીને કહે કે મારા નવા વ્યવસાયમાં આપની છત્રછાયા મારા પણ બની રહે, આપનો હાથ અને સાથ મારી સાથે રહે એવી કામના રાખું છું. સમયાંતરે બાબાની યાદમાં રહી બાબાની શક્તિઓ મેળવતો રહે. સદ્ગુણોથી નિષ્ઠા રાખી, સખત પરિશ્રમ દ્વારા સફળતા મેળવી શકે છે. બાબા ! આપના સાથ અને આપે આપેલી શક્તિઓથી મને સફળતા મળી. વાહ બાબા વાહ. આપે તો કમાલ કરી દીધી. મને તો આશ્ચર્ય થાય છે કે આપની યાદ અને આપના સાથથી જ આટલું મોટું કામ પાર પાડી શક્યો. વાહ બાબા વાહ.

પરમપિતા પરમાત્મા શિવે રચેલા ‘રાજસ્વ અશ્વમેધ અવિનાશી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ’ દ્વારા ચાલતા કોઈ સેવાકાર્યમાં સહભાગી થનાર આત્મા પણ બાબાની યાદ અને સાથથી સેવાકાર્યમાં સફળતા અવશ્ય મેળવી શકે છે. એક વખત દિલ્હીના રામલીલા મેદાન પર ઈશ્વરીય સેવા અર્થે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સંસ્થાએ અગાઉ સરકારની મંજૂરી મેળવી પ્રદર્શન ગોઠવ્યું હતું. પાછળથી, રશિયાના પ્રમુખ બ્રેઝનેવ ભારત આવવાના હતા તે માટે મોટી સભા માટે દિલ્હીનું મોટું મેદાન રામલીલા મેદાનની જરૂર પડી. સંસ્થાએ પ્રદર્શન ગોઠવવાનું કામ લગભગ પૂર્ણ કર્યું હતું. ત્યારે સંસ્થાને સરકારે રામલીલા મેદાન ખાલી કરવા જણાવ્યું. સરકારના આદેશના સમય અને પ્રદર્શની ઉદ્ઘાટન સમય વચ્ચે એક જ દિવસનો સમયગાળો હતો. તે સમયે ઉપસ્થિત બ્રહ્માકુમારી બહેનોએ આખી રાત સતત ગહન યોગ કર્યો. વિઘ્ન હટાવવા પ્રશ્નને હલ કરવા માટે બાબા પાસેથી શક્તિઓ મેળવી. બાબાની મદદના ફલસ્વરૂપે તે સરકારે સવારે આદેશ બદલ્યો અને બીજા મેદાન પર રશિયાના પ્રમુખની સભા રાખી. સંગઠનમાં રહી, સામૂહિક યોગની શક્તિના શક્તિશાળી વાઈબ્રેશનથી પહાડ જેવો પ્રશ્ન રાઈની ઢગલી જેવો થઈ ગયો. વિઘ્ન પાર પડ્યું. બાબાએ તેમના બાળકોને વિઘ્નવિનાશક

બનાવ્યા. આ રીતે બાબાએ તેમના સંતાનોને મદદ કરી. વાહ બાબા વાહ આપે તો કમાલ કરી ! જો તમે બાબાની સાથે રહો તો બાબા તમારી સાથે રહેશે એમાં કોઈ શંકા ખરી ? તો વાહ બાબા વાહના ગીત ગાતા રહો.

ઘણા શિવસંતાનોએ કેન્સર જેવી ગંભીર બીમારી પર બાબાના સાથથી, બાબાએ આપેલી શક્તિઓથી, તેમજ પોતાની આત્મશક્તિઓથી બીમારીને કાયમ માટે જાકારો આપ્યાની સત્ય ઘટનાઓ સાંભળી છે. આવા દર્દીઓ શિવબાબાની નિરંતર યાદ અને યોગથી મૃત્યુંજય બન્યા છે. એવા આત્માઓ વાહ બાબા વાહના ગીત ગાય છે.

P M T V પરથી રાજયોગિની બી.કે. ઉષાબેનના પ્રવચન દ્વારા વર્ણવેલી સત્ય ઘટના અનુસાર - ભારતના એક મોટા શહેરના લાયન્સ ક્લબના પ્રેસિડેન્ટને ઉત્તમ સેવા બદલ લાયન્સ ક્લબની આન્તરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પરદેશમાં બહુમાન થવાનું હતું. કાર્યક્રમ નક્કી થયો હતો. આ કાર્યક્રમમાં જવા માટે તે પ્રેસિડેન્ટે વિમાનની ટિકિટ બુક કરાવી લીધી હતી. પરંતુ જવાના થોડાક દિવસ પહેલાં કાર એક્સિડેન્ટમાં તે વ્યક્તિને પગે ફ્રેક્ચર થયું, દવાખાનામાં દાખલ થયા હતા. તેમના મનમાં બહુ જ ગડમથલ ચાલતી હતી. મારા બહુમાન થવાના સમય પહેલાં જ અકસ્માત થયો ? ઈશ્વરને મારી સાથે જ આવું કરવું હતું, તો બહુમાન થયા બાદ અકસ્માત કરવો હતો ? મારી સાથે જ આવું કેમ ? પરંતુ જે દિવસે જવાનું હતું જે પ્લેનમાં જવાનું હતું તે જ વિમાનને અકસ્માત થયો. એર ક્રેશ થયું. આ ઘટનાના સમાચાર છાપામાં વાંચ્યા બાદ તેમના મનમાં ઈશ્વર પ્રત્યે અતિ પ્રેમ થયો. તેમને સ્પષ્ટ પ્રતીતિ થઈ કે મને ઈશ્વરે જ બચાવ્યો. તે ભાઈએ ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો. હું બચ્યો છું તો જીવન છે, જીવન છે તો બહુમાન પછી પણ થઈ શકે. તે ભાઈના અંતરમનમાં અવશ્ય શબ્દો સરી પડ્યા હશે વાહ ડ્રામા વાહ, વાહ બાબા વાહ, છેને ઈશ્વરની ગત મત ન્યારી.

બાથરૂમમાં પગ લપસી પડ્યો, પરંતુ બચી ગયા, બસ / ટ્રેઈન ચૂકી ગયા, પરંતુ અન્ય વાહન મળી જવાથી સમયસર કામ પૂર્ણ કરી શક્યા, પુરુષાર્થી વિદ્યાર્થીને પરીક્ષામાં સંકલ્પેલો, ઉંચી ટકાવારીવાળો ક્લાસ મળી ગયો, પોતાની શૈક્ષણિક તેમજ કાર્યકુશળતાની યોગ્યતા અનુસાર ઈચ્છિત નોકરી મળી ગઈ. પોતાના વ્યવસાય કે ઉદ્યોગમાં સફળતા મળી, પરિવારમાં કલહ કલેશના લીધે ઉત્પન્ન થયેલ વિસંવાદિતાથી ઉત્પન્ન થયેલ દુઃખ અશાંતિથી મુક્તિ મળી, પોતાની કુટેવો અને વ્યસનોને ઈશ્વરીય જ્ઞાન, શિવબાબાની યાદ અને યોગથી છુટકારો મળ્યો. પરિવારમાં સુશીલ, સંસ્કારી, સદ્‌ગુણી, ઉદ્યમી સંતાનો મળ્યા, નોકરી / વ્યવસાયમાં નિષ્ઠાવાન, ઉત્સાહી, સહયોગી સાથીઓ મળ્યા. શિવબાબાની શ્રીમત પર ચાલી, યોગમાં રહી પોતાનામાં રહેલા વિકારોથી મુક્તિ મળી.. આ બધાયે શિવસંતાનો વાહ બાબા વાહના ગીત ગાતા રહે છે.

પ્રિય આત્મન બંધુઓ, તમે પણ વાહ બાબા વાહની માસ્ટર કી (એપ) સાથે રાખજો, વિસ્મૃતિના લોકરમાં મૂકતા નહિ અને સમય આવ્યે અચૂક વાપરજો. સારું પરિણામ મળશે જ.

**॥ ઓમશાંતિ ॥**

- **પવિત્ર વિચાર માનવજીવનની શ્રેષ્ઠ શક્તિ અને અમર ઔષધી છે.**
- **શ્રેષ્ઠ તથા નિઃસ્વાર્થ સંકલ્પોની સિદ્ધિ અવશ્ય થાય છે.**

# સફળતાનું પ્રથમ સોપાન એટલે સમર્થ સંકલ્પો

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

Southern California University ના સંશોધન પ્રમાણે મનુષ્યાત્માનું મન એક મિનિટમાં 48 વિચારો કરે છે પરંતુ દરેક વિચારને સંકલ્પ કહેવાય નહિ. એ બાબત સત્ય છે કે વિચાર કરનાર આત્મા મન દ્વારા વિચારે છે. મન એ આત્માની સૂક્ષ્મ કર્મેન્દ્રિય છે.

મનોવૈજ્ઞાનિકોએ મનના 3 ભાગ સૂચવ્યા છે.

(૧) ચેતન મન (૧૦ % ભાગ)

(૨) અચેતન મન (૯૦% ભાગ)

(3) અર્ધચેતન મન (ચેતન અને અચેતન મન વચ્ચેનો ભાગ)

અહીં આપણે અચેતન મન વિષે ચર્ચા કરવાની છે. રાત્રે ઊંઘ દરમિયાન ક્યારેક સ્વપ્ન આવે છે તે અચેતન મનની ઉપજ છે. રાત્રે ઊંઘ દરમિયાન અચેતન મન કાર્યશીલ બને છે અને વિચાર કરતું થઈ જાય છે. રાત્રે ઊંઘ દરમિયાન ચેતન મન સુષુપ્ત અવસ્થામાં હોય છે એટલે કે તે કંઈ વિચારતું નથી. અચેતન મન દ્વારા ઉત્પન્ન થયેલાં વિચારો અનુસાર અચેતન મન બુદ્ધિરૂપી નેત્રથી કોઈ Seen Visualization કરે છે કે જેને સ્વપ્ન કહેવાય છે. આ સ્વપ્ન અર્ધ ચેતન મનમાં રેકોર્ડ થઈ જાય છે. સવાર થતાં દિવસ દરમિયાન અર્ધ ચેતન મન સ્વપ્નને યાદ કરવાની કોશિશ કરે છે. ભૂખ, તરસ, યૌન ઈચ્છાઓ અર્ધચેતન મનમાં Merge થયેલાં હોય છે. જ્યારે તે Emerge થાય છે ત્યારે તેનાં લક્ષણો ચેતન મન દ્વારા વ્યક્ત થાય છે. વિકારો વિનાશ પામતા નથી પરંતુ અર્ધ ચેતન મનમાં Merge થઈ જાય છે. આ વિકારોને Emerge થવા માટે અનુકૂળ વાતાવરણ તેમજ અનુકૂળ હવા, પાણી અને ખોરાક મળતાં વિકારો ચેતન મન દ્વારા Emerge થાય છે. સતયુગમાં પ્રકૃતિનાં પાંચેય તત્ત્વો સતોપ્રધાન તેમજ ત્રેતાયુગમાં પ્રકૃતિનાં પાંચેય તત્ત્વો સતોગુણી હોવાના કારણે સતયુગી દેવીદેવતાઓ અને ત્રેતાયુગી ક્ષત્રિયોનાં અર્ધચેતન, મનમાં Merge થયેલા વિકારો ચેતન મન દ્વારા Emerge થઈ શકતા નથી પરંતુ દ્વાપરયુગમાં પ્રકૃતિ રજોગુણી તેમજ રજોપ્રધાન થતાં વૈશ્યોના અર્ધચેતન મનમાં Merge થયેલા વિકારો ચેતનમન દ્વારા Emerge થાય છે. યાદ રહે વિકારો કદી નષ્ટ પામતા નથી. પરંતુ અર્ધચેતન મનમાં દગ્ધ પામે છે. Merge થાય છે. કલ્યાણકારી પુરુષોત્તમ સંગમયુગમાં શિવબાબાએ બ્રહ્માબાબા દ્વારા આપેલ જ્ઞાન, ગુણ અને શક્તિ અર્ધચેતન મનમાં દગ્ધ પામે છે. Merge થાય છે. સતયુગ આવતાં અર્ધચેતન મનમાં દગ્ધ પામેલ એટલે કે Merge થયેલા ગુણ અને શક્તિઓ ચેતનમન દ્વારા Emerge થાય છે. સતયુગમાં જ્ઞાનને Emerge થવાની આવશ્યકતા રહેતી નથી કારણ કે પુરુષોત્તમ સંગમયુગમાં ઈશ્વરીય જ્ઞાનથી જ બ્રાહ્મણ આત્માઓ ગુણ અને શક્તિઓથી સમ્પન્ન બની આ જ બ્રાહ્મણ આત્માઓ સતયુગમાં દેવી-દેવતા બનતાં સર્વગુણોથી સંપૂર્ણ, સર્વ શક્તિઓથી સંપૂર્ણ તેમજ 16 કળાએ સંપૂર્ણ હોવાથી ઈશ્વરીય જ્ઞાનની જરૂરિયાત જણાતી નથી. પરંતુ તે જ્ઞાન અર્ધચેતન મનમાં Merge થયેલું હોય છે.

પુરુષોત્તમ સંગમયુગ આવતા તે જ્ઞાન યોગ્ય વાતાવરણ મળતા Emerge થાય છે.

કોઈ એક વ્યક્તિ નિન્દ્રાવસ્થામાં હોય છે

ત્યારે તેની નિન્દ્રાવસ્થા દરમિયાન તેનું ચેતન મન સુષુપ્ત અવસ્થામાં હોય છે. તે સમયે તેના અચેતન મન સાથે યોગિક પ્રક્રિયા દ્વારા તે આત્મા પાસેથી મનોવાંછિત કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે. જો તે વ્યક્તિ આપણાથી હજારો માઈલ દૂર હોય તો પણ આપણે સ્વયંને (આત્માને) તે વ્યક્તિના આત્મા પાસે Emerge કરી visualization દ્વારા તે આત્માના અચેતન મનને સમર્થ સંકલ્પોના સમર્થ Vibration દ્વારા જાગૃત કરી તે આત્મા પાસેથી મનોવાંછિત કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે. આ યોગનો પ્રયોગ જો અમૃતવેળાના સમયે કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળ્યા બરાબર. પરંતુ આ કાર્યની જ્વલંત સફળતા માટે યોગબળ હોવું અતિ આવશ્યક છે. બળ એટલે શક્તિ. આ માટે અમૃતવેળાના સમયે સર્વ પ્રકારની શક્તિઓના દાતા, શક્તિઓના સાગર તેમજ સર્વશક્તિમાન શિવબાબા સાથે શ્રીમત પ્રમાણ યોગ દ્વારા યોગ બળ પ્રાપ્ત કરી શકાય છે. ત્યાર પછી યોગના પ્રયોગમાં સફળતા મળ્યા વગર રહેતી નથી. સફળતા મળતી નથી તેનો અર્થ એ થયો કે યોગબળ નથી. સંકલ્પમાં સામર્થ્ય ત્યારે જ આવશે કે જ્યારે યોગબળ જમા હશે. સમર્થ શુભ સંકલ્પો એ સફળતાની ચાવી છે, સફળતાનું પ્રથમ સોપાન છે.

ભૃકુટીના મધ્ય ભાગથી 2.5 ઈંચ અંદર તેમજ ઉપરથી 1.5 અંદર Pituitary Gland અને Hypothalamus Glandની વચ્ચે કે જ્યાં આત્માનું નિવાસસ્થાન છે તે સ્થાન સંકલ્પોને Relay કરવાનું Relay કેન્દ્ર છે. ત્યાંથી આત્મા પોતાનામાંથી ચેતન મન દ્વારા સંકલ્પો Relay કરે છે. બીજો અન્ય આત્મા Relay થયેલા સંકલ્પોને Receive કરે છે એટલે કે તે Receive કેન્દ્ર છે. તે આત્મા પણ Receive કેન્દ્ર દ્વારા Receive થયેલા સંકલ્પોનો પ્રત્યુત્તર ચેતન મન દ્વારા Relay કેન્દ્ર પણ બને છે. આ રીતે બંને આત્માઓ બુદ્ધિરૂપી તારથી Connection જોડી પોતાના સૂક્ષ્મ વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે. આજકાલ Telepathy નામનો શબ્દ પ્રચલિત છે. Telepathy એ Television, Telephone, Telegram પરથી ઉતરી આવેલો શબ્દ છે. Telepathy એટલે દૂરાનુભૂતિ. જેવી રીતે Television, Telephone, Telegramમાંના Scientific યંત્રો દૂર Relay કેન્દ્ર દ્વારા Relay થયેલા ચિત્ર કે સંદેશ Catch કરી રજૂ કરી શકે છે તેવી રીતે Television, Telephone, Telegramમાંના Scientific યંત્રો કરતાં પણ મનુષ્યાત્માના મસ્તિષ્કમાં સ્થિત આત્માના સૂક્ષ્મ પરંતુ શક્તિશાળી યંત્રો દ્વારા Telepathy કરી શકે છે. Scienceની શક્તિ કરતા Silenceની શક્તિ બળવાન છે. મન અને બુદ્ધિ એ આત્માના સૂક્ષ્મ પરંતુ શક્તિશાળી યંત્રો છે. Telepathyના પ્રયોગ દ્વારા મહાભારતના યુદ્ધમાં દૂર યુદ્ધના મેદાનમાં ચાલતા યુદ્ધનું વર્ણન સંજય મહેલમાં રહીને પણ ધૃતરાષ્ટ્રને કરતો હતો.

વિચારને અંગ્રેજીમાં Thoughts અને સંકલ્પને Determination કહેવામાં આવે છે. વિચારના દૃઢીકરણને સંકલ્પ કહેવામાં આવે છે એટલે કે એકનો એક વિચાર વારંવાર કરવામાં આવે ત્યારે તે વિચાર સંકલ્પમાં પરિણમે છે. સંકલ્પમાં જ્યારે સામર્થ્ય આવે ત્યારે તે સંકલ્પ દૃઢ બને છે પરંતુ સંકલ્પમાં સામર્થ્ય ત્યારે જ આવે કે જ્યારે મનોબળ દૃઢ હોય અને દૃઢ મનોબળ ત્યારે જ બને કે જ્યારે યોગબળ જમા હોય અને યોગબળ ત્યારે જ જમા થાય કે જ્યારે સંકલ્પ કરનાર આત્માનો સમર્થ પરમાત્મા શિવબાબા સાથે યોગ હોય.

(અનુસંધાન પેજ નં. 33 પર)

# ભક્ત અને બ્રહ્માવત્સ જ્ઞાની

બ્ર.કુ. ભાવના, જસદણ

ભક્ત સાંભળે, જ્ઞાની સંભળાવે.
ભક્ત કષ્ટ સહન કરે, જ્ઞાની આરામથી રહે.
ભક્ત ભગવાનને ભજે, જ્ઞાની ભગવાનનું ભણે.
ભક્ત કલિયુગમાં, જ્ઞાની સંગમયુગમાં.
ભક્ત શાસ્ત્ર પર ચાલે, જ્ઞાની શ્રીમત પર ચાલે.
ભક્ત મુક્તિ માંગે, જ્ઞાની જીવનમુક્તિ માંગે.
ભક્ત મુખેથી યાદ કરે, જ્ઞાની મનથી યાદ કરે.
ભક્ત ભગવાનના ચરણમાં રહે, જ્ઞાની ભગવાનના દિલમાં રહે.
ભક્ત ચારધામની યાત્રા કરે, જ્ઞાની યાદની યાત્રા કરે.
ભક્ત ભગવાન પાસે અધિક માગે, જ્ઞાની અધિકાર રાખે.
ભક્ત ધક્કા ખાય, જ્ઞાની એક સ્થાને રહે.
ભક્ત ભગવાન પર છોડે, જ્ઞાની ડ્રામા પર છોડે.
ભક્ત સન્માન આપવામાં રહે, જ્ઞાની સ્વમાનમાં રહે.
ભક્ત સંતુષ્ટ રહે, જ્ઞાની શુદ્ધ લોભી રહે.
ભક્ત ભક્ત ગળે મળે, જ્ઞાની જ્ઞાની નયનથી મળે.
ભક્ત ભગવાનને સર્વવ્યાપી કહે, જ્ઞાની ભગવાનને પરમધામ નિવાસી કહે.
ભક્ત દેવતાની યાદ અપાવે, જ્ઞાની સ્વધર્મની યાદ અપાવે.
ભક્ત આંખ બંધ કરી યાદ કરે, જ્ઞાનીની આંખ ખુલ્લી રહે.
ભક્ત અવાજથી યાદ કરે, જ્ઞાની મૌનમાં યાદ કરે.
ભક્ત માળા ફેરવે, જ્ઞાની સ્વદર્શનચક્ર ફેરવે.
ભક્ત ગંગા સ્નાન કરે, જ્ઞાની જ્ઞાન સ્નાન કરે.
ભક્ત પ્રસાદ ખાય, જ્ઞાની બ્રહ્માભોજન ખાય.
ભક્ત દેવતાના ગુણ ગાય, જ્ઞાની દેવતાના ગુણ ગ્રહણ કરે.
ભક્ત ભગવાનને ભગવાન સમજે, જ્ઞાની ભગવાનને સર્વ સંબંધી સમજે.
ભક્ત ભગવાનની પ્રાર્થના કરે, જ્ઞાની ભગવાન સાથે વાતો કરે.
ભક્ત ભગવાન સામે દંડવત કરે, જ્ઞાની સ્વયંને સમર્પિત કરે.
ભક્ત જય જય કાર કરે, જ્ઞાની વાહ વાહ કરે.
ભક્ત ભગવાનને માને, જ્ઞાની ભગવાનનું માને.
ભક્તની નજરમાં ભગવાન, ભગવાનની નજરમાં જ્ઞાની.
ભક્તના હાથમાં પ્રભુ પૂજાની સામગ્રી, જ્ઞાનીના હાથમાં પ્રભુ પરિચયની સામગ્રી.

॥ ઓમશાંતિ ॥

# ચારિત્ર્યની ગરીબી

બ્ર.કુ. નીતાબેન, પાટણ

ગરીબી એટલે અભાવ. ગરીબી એટલે ખામી, જે તે આપણી પાસે ન હોવું. ગરીબી શબ્દ સાંભળતાં આપણને ધનના અભાવવાળી વ્યક્તિઓ નજરે પડે છે. ગરીબી તો દુનિયામાં અનેક પ્રકારની હોય છે. દરેક વ્યક્તિ પોતાને આ અવસ્થામાંથી બહાર કાઢવા માટે પ્રયાસરત હોય છે. જીવનભર તનતોડ મહેનત કરીને એમાંથી બહાર આવવા પ્રયાસ કરતા રહે છે.

ગરીબી અનેક પ્રકારની હોય છે.

૧. ધનની ગરીબી

૨. સંબંધોની ગરીબી

૩. સાધનોની ગરીબી

૪. ગુણોની ગરીબી

૫. શક્તિઓની ગરીબી

૬. ચારિત્ર્યની ગરીબી

આપણે સહુ જીવનમાં રહેલી વિવિધ પ્રકારની ગરીબીને દૂર કરવા માટે ખૂબ પ્રયાસ કરતા રહીએ છીએ. ધનની ગરીબીથી જીવનભર ઝઝૂમતા રહીને પણ ગરીબી દૂર કરવા પ્રયાસ કરવામાં આવે છે. ધનના અભાવના કારણે ગરીબી આવતી હોય છે. માટે તનતોડ મહેનત કરીને ધનની ખામી ભરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જીવનમાં બીજું કંઈ ના મળે તો ત્રણ ટાઈમ ભોજન ઉપલબ્ધ કરી શકાય એટલી તો મહેનત દરેક વ્યક્તિ કરે છે. જેથી કોઈ પાસેથી માંગીને ન ખાવું પડે તે માટે પ્રયાસ કરતા હોય છે.

**ધનની ગરીબી -** ધનનો અભાવ માણસને અનેક પ્રકારની ગરીબીમાં ધકેલી દે છે. ધનના અભાવના કારણે જ સીધી અસર રોટી, કપડાં અને મકાન ઉપર પડે છે. કેટલાય લોકો એવા છે જે ભોજન તો માંગીને પણ કરી લે છે. પરંતુ તેઓની પાસે રહેવા માટે ઘર નથી, ફૂટપાથ પર, રેલવે સ્ટેશન પર, મંદિરના ઓટલા કે પછી કોઈપણ ગંદી જગ્યાઓમાં ગમે તે રીતે પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓના માટે આજની રોટલી મિષ્ટાન બરાબર હોય છે.

**સંબંધોની ગરીબી -** મનુષ્ય સામાજિક પ્રાણી છે. સગા સંબંધીઓ એ આપણી મોટી મૂડી છે. ધન ઓછું હશે તો ચાલશે પરંતુ સંબંધો હશે તો પણ માલામાલ છીએ. જેઓની પાસે મોટું પરિવાર અને સંબંધીઓ છે તેમના જીવનમાં ગમે ત્યારે ગમે તેવી મુસીબત આવે તો પણ સામનો કરવામાં સક્ષમ રહે છે.

**સાધનોની ગરીબી -** વર્તમાન સાધન સંપન્ન, સુવિધાસભર યુગમાં દરેકની પાસે ભરપૂર માત્રામાં સાધનો ઉપલબ્ધ થયેલા છે. પરંતુ ઘણીવાર કેટલાય લોકો એવા છે જેમની પાસે સાધનોનો અભાવ નજરે પડે છે. અભાવોમાં પણ જિંદગી જીવી લેતા લોકો જોવા મળે છે.

**ગુણોની ગરીબી -** ગુણો એ આપણી મહાન મૂડી છે. ગુણોની ધારણાના કારણે જ માણસનું જીવન લાખ રૂપિયાનું અને ધારણ ન કરવાના કારણે કોડીનું બની જાય છે. બીજી કોઈ ગરીબી તો બીજાની મદદથી દૂર કરી શકાય છે. પરંતુ ગુણોની ગરીબી માટે તો આપણે જ પોતે મહેનત કરવી પડશે. ગુણો ધારણ કરીને ગુણોના ધનવાન બનીએ. ગુણોની ગરીબી દૂર કરવા પ્રયાસરત રહીએ.

**શક્તિઓની ગરીબી -** આપણે સહુ દેવીઓ પાસેથી શક્તિ માંગીએ છીએ. શક્તિઓની

આરાધના કરીને શક્તિ માંગીએ છીએ. વર્તમાન સમયે શક્તિઓની ગરીબી વધુને વધુ જોવા મળે છે. સહનશક્તિ ન હોવાના કારણે ઘર ઘરમાં લડાઈ ઝઘડા છે. જો ગુણોના ધનવાન, ગુણવાન લોકો હશે તો સહન કરીને જીવનને મહાન બનાવે છે. અભિમાનના કારણે ઈર્ષા વેર, વિરોધ જીવનને પરેશાન કરી નાખે છે. સમાવવાની શક્તિનો અભાવ હોવાથી કોઈની પણ વાતને સમાવી શકતા નથી.

ચારિત્ર્ય એટલે જે કામ કોઈ ના કરી શકે એવા મહાન કર્મોની કલમથી લખાયેલું શાસ્ત્ર. ચારિત્ર્ય એટલે સફેદ ચાદરને જરા સરખો પણ દાગ ન લાગે. તેની સાવધાની રાખવી. જેવી રીતે પારો હાથમાં પકડી રાખીએ તો પણ પડી જાય છે તેથી પારાને સાચવીને હાથમાં પકડી રાખવાનો હોય છે. ચારિત્ર્ય એટલે એવી મહાન કલમ જેનાથી મહાન કર્મોની કથની લખાય છે. કોઈ નાનું પણ ખરાબ કર્મ ન લખાય તેની તકેદારી રાખવાની છે. ચારિત્ર્યની ગરીબી એટલે ચારિત્ર્યનો અભાવ.

**ચારિત્ર્યની ગરીબી -** ચારિત્ર્યની ગરીબી એટલે ચારિત્ર્યની ખામી, અભાવ, ખરાબ હોવું, ચારિત્ર્ય એટલે શું ? ચારિત્ર્ય એટલે મહાન કર્મ, એવા મહાન વિચાર, એવા મહાન સંસ્કાર જ્યાં નત મસ્તક થઈ જવાય તેને ચારિત્ર્યના ધની કહેવામાં આવે છે તેવી જ રીતે ખરાબ કાર્યો કરવાથી ચારિત્ર્યની ગરીબી છતી થાય છે. પહેલાના સમયમાં કહેવામાં આવતું કે 'ધન ગયું તો કશું જ નથી ગયું. સ્વાસ્થ્ય ગયું તો થોડું ગયું, અને ચારિત્ર્ય ગયું તો બધું જ ગયું.' ચારિત્ર્યની જાળવણી ખાતર જીવનભર વ્યક્તિ તપસ્યા કરતા રહે છે. ચારિત્ર્યની જાળવણી એ ગુલાબના છોડને ઉછેરવા બરાબર છે. ચારિત્ર્યની જાળવણી એ હાથમાં પકડેલા પક્ષી જેવી છે. ચારિત્ર્યને સાચવવાની જવાબદારી એવી છે કે જેમ સફેદ ચાદર લઈને કોલસાની ખાણમાં પ્રવેશ કરીએ છતાં પણ એક પણ દાગ સફેદ ચાદર પર ન લાગે તેની તકેદારી રાખવા બરાબર છે એ સૌથી મોટી રક્ષા છે. ચારિત્ર્યની રક્ષા કાજે વ્યક્તિ પોતાનો જીવ આપવાનું પસંદ કરશે પરંતુ ચારિત્ર્યને બદનામ થવા દેશે નહીં. ઈતિહાસ અને શાસ્ત્રોમાં એવા ઘણા ઉદાહરણો ભર્યા પડ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે ચારિત્ર્યની રક્ષા કાજે રાણી પદ્માવતીએ જૌહર કર્યું હતું. ચારિત્ર્યની રક્ષા કાજે નારી રણચંડી બની જાય છે અબળા નારી પણ ચારિત્ર્યની રક્ષાકાજે શક્તિશાળી, જગદંબા, મહાકાળી બનીને શરીરનું રક્ષણ કરે છે.

શ્રેષ્ઠ ચારિત્ર્યના માલિક ભારત દેશમાં ઉંચી સંસ્કૃતિના સંસ્કાર આપણી પાસે હોવા છતાં વર્તમાન સમયે કંઈક અલગ નજારો જોવા મળે છે. ધન અને સંપત્તિ, ભૌતિક સુખ સુવિધાના સાધનોથી આપણે અમીર થતા જઈ રહ્યા છીએ તેમ તેમ ચારિત્ર્યથી ગરીબ બનતા જતા જોવા મળે છે. ચારિત્ર્યની ગરીબી વધતી જઈ રહી છે.

સરકાર દ્વારા અનેક સમાજ સેવકો દ્વારા ગરીબી દૂર કરવા માટે અનેક ઉપાયો, યોજનાઓ અને પ્રોજેક્ટ તૈયાર થઈ રહ્યા છે પરંતુ ચારિત્ર્યની ગરીબી તરફ કોઈનું પણ ધ્યાન જતું નથી. અને ના કોઈ ચારિત્ર્યની ગરીબી દૂર કરવા માટે આગળ આવે છે. ચારિત્ર્ય મહાન હશે તો જ દેશ મહાન બની શકે છે. મહાન કર્મનો આધાર પણ શ્રેષ્ઠ ચારિત્ર્ય છે. મહાન વિચારો પણ મહાન ચારિત્ર્ય પાસે પાંગરે છે.

આપણા માટે તો શ્રેષ્ઠ ચારિત્ર્યના ધણીના અનેક ઉદાહરણો છે. જેમણે ચારિત્ર્યની રક્ષા માટે પોતાનું સર્વસ્વ ત્યાગ કરી દીધો. સીતા માતા હોય કે સતી અનસૂયા હોય. જેમણે પોતાના શ્રેષ્ઠ

ચારિત્ર્યથી અનેકોને પ્રેરણા આપી છે. પાંચ પાંચ પતિ હોવા છતાં પણ દ્રૌપદીનું જીવન પણ પવિત્રતાની પ્રતિમૂર્તિ હતું. આવા અનેક મહાન પ્રેરણાદાયી ઉદાહરણો આપણે પણ જીવનમાં લેવા જેવા છે. કૌરવો અને ગંદી નજરથી બચવા માટે દ્રૌપદીને કેટલું બધું સહન કરવું પડ્યું હતું.

વર્તમાન સમયે દુનિયાને ન જોતાં આપણને ચારિત્ર્યની ગરીબી છતી થતી નજરે પડે છે. ચારિત્ર્યની મહાનતા દરેકના જીવનમાં ખૂબ જરૂરી છે. જો ચારિત્ર્ય શ્રેષ્ઠ હશે તો આપણી પાસે કશું જ ન હોવા છતાં પણ સૌથી મોટો ખજાનો છે. ચારિત્ર્ય ખરાબ હશે તો આપણી પાસે બધું જ હોવા છતાં પણ કશું જ નથીનો અનુભવ કરાવે છે. આ ચારિત્ર્યની ગરીબી બધી જ ગરીબી કરતાં પણ વિચિત્ર છે. વર્તમાન સમયે સાંભળી ન શકાય એવા નિત નવા સમાચારો સાંભળીને આપણું દિલ દ્રવી ઉઠે છે. ક્યાં ગયા ચારિત્ર્યની રક્ષાના ઠેકેદારો ? રોકે આ ચારિત્ર્યની ગરીબીના વહેણને નહિતર બરબાદ કરીને રહેશે. આવા ખરાબ પ્રવાહથી બરબાદી સિવાય બીજું કશું જ મળવાનું નથી. નાની-નાની દીકરી સાથેના ખરાબ કૃત્ય આપણી સંસ્કૃતિને લજવી રહ્યા છે. આપણી સંસ્કૃતિ માટે ચારિત્ર્યની ગરીબી એ મોટામાં મોટું કલંક છે.

વર્તમાન સમયે અનેક સાધુ સંત મહાત્માઓ જેઓ શ્રેષ્ઠ ચારિત્ર્યના ધનીની સાથે સાથે અનેક લોકોને શ્રેષ્ઠ ચારિત્ર્ય બનાવવા માટેની પ્રેરણા આપનારા છે. પરંતુ ક્યાંક, ક્યારેક, એવા ખરાબ સમાચારો સાંભળવા મળે છે જેનાથી સમાજ ઉપર વધુ ખરાબ અસર પડે છે. વર્તમાન સમયે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય જ્યાં ચારિત્ર્યને શ્રેષ્ઠ બનાવવાની શિક્ષા આપવામાં આવે છે. જ્યાં હજારો ભાઈ બહેનોએ પોતાનું જીવન પવિત્ર બનાવીને લોકો માટે પ્રેરણારૂપ બન્યાં છે. લાખો ભાઈ બહેનો ગૃહસ્થ જીવનમાં રહીને, નોકરી, ધંધો કરીને વ્યસનમુક્ત જીવન જીવી રહ્યા છે. અને ઘર ગૃહસ્થમાં રહેવા છતાં પવિત્ર, ગુણવાન જીવન જીવે છે. જે સહુએ પ્રેરણા લેવાની જરૂર છે. કેટલાય યુવા ભાઈ બહેનો છે જેમણે ક્યારેય થિયેટર નથી જોયું અને ન ક્યારેય પાનના ગલ્લા આગળ ગયા હોય. આ કેટલી પ્રેરણા લેવા જેવી વાત છે.

દાદી જાનકીજી હોય કે અનેક વરિષ્ઠ ભાઈ-બહેનોએ પોતાનું સર્વસ્વ જીવન અર્પણ કરીને સમાજ સુધારણા, ચારિત્ર્ય નિર્માણનું કાર્ય કરી રહ્યા છે ! ॥ **ઓમશાંતિ** ॥

**(પેજ નં. 32નું અનુસંધાન)... ચિંતન**

આટલું પ્રેમપૂર્વક અપાતું સર્વાંગી જ્ઞાન પરમાત્મા સિવાય કોઈ આપી શકતું નથી. આજે લોકો ભિન્ન ભિન્ન કાર્યો માટે તગડી ફી વસૂલે છે. પરમાત્માએ આપેલા જ્ઞાનની, યોગની તુલના અબજો રૂપિયામાં પણ કરી ના શકાય. માત્ર પરમાત્મા જ નગુણા, વિકારી, પરમાત્માની ગ્લાનિ કરનાર આત્માઓને મીઠાં બાળકો કહી શકે છે. કોઈપણ દેહધારીનું આ કામ નથી. પરમાત્માએ આપણને ભિન્ન ભિન્ન કાર્યો માટે, સેવા માટે નિમિત્ત બનાવ્યા તે આપણું અહોભાગ્ય છે. તે માટે નારાજ થવું, રિસામણાં કરવાં, વેર વિરોધ રાખવો, નકારાત્મક કાર્યો કરવાં તે પાપની પોટલી બાંધવા બરાબર છે.

ક્યારેય એવું ના કહીએ કે મારા વિના આ કાર્ય થઈ શકશે નહીં. આ આપણો ભ્રમ છે. ભારતની ભૂમિ બહુરત્ના વસુંધરા છે. જ્યાં અનેક માનવરત્નો જન્મે છે. આજ સુધી અનેક મહાન આત્માઓ ચાલ્યા ગયા પણ આ સૃષ્ટિ નાટક તો ચાલ્યા જ કરે છે. આ સૌ વાતો ઉપર ગહન ચિંતન કરવાની જરૂર છે. ॥ **ઓમશાંતિ** ॥

# યુવા પેઢી સમાજ માટે દર્પણ

બ્ર.કુ. અનિલ, સુરત

યુવાવસ્થા એક એવો સમય છે જ્યારે માનવના ઉમંગો અને તરંગોમાં ભરતી આવે છે. વળી તે સમયે તેના હિંમતવાન મનને પોતાના સારા કે ખરાબ સ્વપ્ન સાચા કરવા માટે શરીરનો પણ પૂરતો સહયોગ મળી રહે છે. આ એક એવો સમયગાળો છે કે જ્યારે નવી નવી યુક્તિઓ અજમાવવાની, શોધો કરવાની અને કૃતિઓ રચવાની યોગ્યતાઓ વધતી જ જાય છે ત્યારે માનવ યાદશક્તિ, ગ્રહણશક્તિના કારણે નવી નવી ભાષાઓ, કળા કૌશલ્ય પણ શીખી શકે છે. આ રીતે યુવા અવસ્થા અવર્ણનીય મહત્ત્વનો જીવનકાળ છે. જેમાં મનુષ્ય પોતાની વિશેષતાઓ અને નવીન વિચારધારા વડે સમાજને લાભાન્વિત અને પ્રભાવિત કરી શકે છે. અનેક રચનાત્મક કાર્યો કરીને વિશ્વમાં સુખશાંતિના સાધનોનો વિકાસ પણ સાધી શકે છે.

કોઈપણ દેશની યુવા પેઢી જો આળસુ, વિલાસી, અશિસ્ત કે લઘુતાગ્રંથીવાળી બની જાય તો, માની લેવું કે તે દેશ અને સમાજના ખરાબ-દુ:ખના દિવસો આવી ગયા છે. ત્યારે યુવાનો તે દેશની સાંસ્કૃતિક અસ્મિતા અને આર્થિક સંપત્તિને છિન્ન ભિન્ન કરી દેશે અને એનાથી ઉલ્ટુ જો કોઈ દેશની યુવાન પેઢી ચારિત્ર્યવાન, મહેનતુ અને શિસ્તબદ્ધ હોય તો તે દેશ પ્રગતિ સાધે છે. આમ સમગ્ર દેશની સંપૂર્ણ સ્થિતિનો આધાર એક જ વાત ઉપર છે કે તે દેશના યુવાનો પોતાની શક્તિને નકારાત્મક કે સકારાત્મક કાર્યોમાં લગાડે છે !

અનેક દેશના યુવાનો પોત-પોતાના દેશને પરદેશી સામ્રાજ્યવાદી શાસકોથી સ્વતંત્ર કરવાના સંઘર્ષમાં બંદૂકોથી ડર્યા વિના સ્વતંત્રતાનો ઝંડો પોતાના મજબૂત હાથોમાં પકડીને સૌથી આગળની હરોળમાં ચાલતા આવ્યા છે. માતૃભૂમિની સ્વતંત્રતા ખાતર કોઈપણ આફતને મોટી ગણીને પાછી પાની કરતા નથી. પરંતુ આપણે સમજવું જોઈએ કે દાસવૃત્તિ, લઘુતાગ્રંથી ગુલામીનું માનસ, આળસ, નૈતિક લાચારીઓ, સામાજિક ટંટાફિસાદો અને વ્યવહારિક અસભ્યતાઓ રાજકીય ગુલામીથી પણ વધારે નુકસાનકારક છે. એના કારણે જ દેશ ગુલામીમાં સબળે છે. બીજાઓ આગળ હાથ લંબાવે છે. વાસના અને વિલાસની ગુલામીનું ઘૃણાપાત્ર જીવન જીવે છે. લોભની ગુલામી વડે જ આર્થિક ગુનાઓ થાય છે. ક્રોધનું સામ્રાજ્ય તો શરમજનક પાપોને જન્મ આપે છે. તેથી આવા પ્રકારની દાસવૃત્તિમાંથી તે માતૃભૂમિને મુક્ત કરવા જો યુવાનોની શક્તિને વાપરવામાં આવે તો તે શું મંગળકારી નહિ નીવડશે ?

યુવાવર્ગના બલિદાનની ભાવના દ્વારા સમાજ સુધારણા થઈ શકે છે. આજે એક એવો રિવાજ બની ગયો છે કે યુવાનોને અપીલ કરવામાં આવે કે રક્તદાન શિબિરનું આયોજન કરીને પોતે પણ રક્તદાન કરે. યુવાનોમાં એવી ભાવના જાગ્રત થઈ જાય કે જેનાથી તેને નિશ્ચયમાં શ્રધ્ધા જન્મે. તેના શ્રેષ્ઠ નિયમો, સત્યના સિદ્ધાંતો અને નૈતિક મૂલ્યોની સ્થાપના સાથે પોતાનું લોહી પણ રેડી દેવાની તૈયારી રાખે અને ગરીબોનું લોહી ચૂસનારા લાલચુ લોકો સાથે પણ અસહકારનું વ્રત લઈ લે તો સમાજનું કેટલું કલ્યાણ થાય. એટલે યુવા ધનને સાચી દિશા આપવામાં આવે તો સમાજની દશા અવશ્ય સુધારી શકાય.

યુવા પેઢી સમાજ માટે દર્પણ સમાન છે. જેમ

શરીરના માળખાને સુદૃઢ કરવામાં કરોડરજ્જુ જરૂરી છે તેવી રીતે યુવાવર્ગની સમગ્ર સમાજ ઉપર અદ્‌ભુત પકડ હોય છે. કોઈપણ સંસ્થા, સમાજ યા દેશમાં ઉમંગ ઉત્સાહ અને જીવન સંચાર તથા સક્રિયતાનો આધાર ત્યાંના યુવક-યુવતીઓ પર હોય છે. તેઓ ભયંકર પરિસ્થિતિમાં પણ હિંમત અને વીરતાથી કાર્ય કરે છે. યુવા ધન આધ્યાત્મિક સાધનો દ્વારા પણ ચારિત્ર્યઉત્થાન અને વ્યસનમુક્તિમાં શ્રેષ્ઠ ફાળો આપી શકે છે.

માનવ જીવનની દરેક અવસ્થાની પોતપોતાની વિશેષતા હોય છે. એમાં યુવાવસ્થા સોનેરી સ્વપ્નો, ઉંચા આદર્શો એના મનબુદ્ધિમાં ઉછળતા હોય છે. ઉભરાતા હોય છે. એનામાં જોમ, મુશ્કેલીઓનો મુકાબલો કરવાની સૂઝ, વિઘ્નો પર વિજય પામવાની પ્રબળ બુદ્ધિ, તેમજ સાહસપૂર્વક નવા નવા લક્ષ્યાંકો સર કરવાની રુચિને કારણે યુવાધન જગ પ્રસિદ્ધ છે. વેરાન ઘાટોમાં કે ગાઢ જંગલોમાં કે રેતીના રણો હોય કે બરફના પહાડો હોય કે શિખરની ઉંચી ટોચ હોય, આ યુવાધન ત્યાં જઈ ચઢે છે. પરંતુ યુવાન પોતાની અંદરની અજ્ઞાન ઘાટીઓ શોધી કાઢે જો તે પોતાના આત્માના અજ્ઞાત ક્ષેત્રોમાં જઈ પહોંચે જ્યાં તેને ઈશ્વરીય જ્ઞાનનો ભંડાર, દિવ્યગુણોનો બગીચો તેમજ પરમાત્મશક્તિનો અખૂટ ખજાનો મળી શકે એમ છે. તો તે સાચા અર્થમાં આત્માની શોધમાં સફળ થઈ શકે છે અને તે અગણિત મૂલ્યવાન ખજાનો પ્રાપ્ત કરી શકે છે અને મૂલ્યોથી મૂલ્યવાન બની શકે છે. ગુણોથી ગુણવાન બની શકે છે અને પરમાત્મશક્તિથી શક્તિવાન બની શકે છે.

યુવાનોને ખબર હોવી જોઈએ કે ભારતમાતાના સુપુત્રોએ આ નવો પડકાર ધરતીમાતાનો પડકાર ઝીલી લઈને દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરીને દુશ્મન રાવણ પર અર્થાત પાંચ વિકારો પર, જે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર સમાજ પર ઘરે ઘરે જન-જનના મન સુધી પહોંચી ગયા છે તેને જડમૂળમાંથી આ યુવાશક્તિએ ઈશ્વરીય જ્ઞાન, દિવ્યગુણો અને પરમાત્મશક્તિ દ્વારા તેને અર્થાત્ પાંચ વિકારોરૂપી રાવણને ઉખાડી ફેંકવો પડશે અને એને મૃતપાય બનાવવો પડશે. તોજ સમાજમાં, દેશમાં અને વિશ્વમાં જે સાચાં સુખ અને શાંતિનો આપણે ઈચ્છીએ છીએ, જે આપણે માંગીએ છીએ તે સુખ-શાંતિ આપણે અનુભવ કરી શકીશું અને ત્યારે જ ભારત જે પરમાત્માની જન્મભૂમિ છે તે ભારત જેના ઘર-ઘરમાં દિવ્યપ્રકાશનો અનુભવ કરશે.

મિત્રો, ચાલો આપણે આ યુવાધનની યુવાયાત્રામાં સહયોગ આપીએ અને આપણામાં રહેલી બુરાઈઓને દૂર કરીને સુખ-શાંતિ સ્થાપન કરવામાં મદદગાર બનીએ અને મિત્ર-મંડળને જણાવીએ.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 29નું અનુસંધાન)... જ્ઞાનમાર્ગ**

છે. તે ઉપરાંત પોતાના સ્થૂળ ઘરનો પણ ત્યાગ કરે છે. વિસ્તારને સમેટી લે છે. ને બસ એક જ લક્ષ્ય કે હવે તો યાત્રાને સંપૂર્ણ સફળ કરીને જ આવવું છે. એવી જ રીતે આપણી પણ પરમાત્મા સાથેની યાદની યાત્રા છે, દેહભાનનો ત્યાગ કરી, સર્વ સંબંધ પરમપિતા પરમાત્મા સાથે જોડી, આત્મિક સ્થિતિમાં સ્થિત થઈ, ઘરને યાદ કરવાનું છે. બાબા મુરલીમાં કહે છે કે જો તમે આત્મિક સ્થિતિમાં યાદ કરશો તો સમય અનુસાર સાક્ષાત્કાર થશે. અંતે સૌ આત્મન્ પોતાની મંઝિલ સુધી નિર્વિઘ્ન પહોંચી જાય એવી શુભભાવના સાથે..

**॥ ઓમશાંતિ ॥**

# જ્ઞાનમાર્ગ

બ્ર.કુ. ગિરીશ, ગાયત્રીનગર, રાજકોટ

એક જહાજના માલિક કમાન્ડરને જહાજને મંઝિલ સુધી પહોંચાડવા માટે આદેશ આપે છે, તે યાત્રા માટેની સામગ્રી, નકશો, દિશાસૂચક યંત્ર, વગેરે સાથે આપે છે. માલિક અનુભવી હોવાથી કમાન્ડરને જાણ કરે છે કે ક્યારે કઈ દિશામાં કેવું વાતાવરણ હશે. દરિયામાં ક્યાં પરિસ્થિતિ આવશે ક્યારે જહાજને દિશા આપવાની છે, કેવા વાતાવરણમાં થોભી જવું, કયો માર્ગ સહેલો અને સમયાનુસાર મંઝિલ સુધી પહોંચી શકાય. અનુમતિ લઈ કમાન્ડર યાત્રા માટે આગળ વધે છે. અમુક સમયે માલિકના કહેવા અનુસાર પરિસ્થિતિઓ આવે છે. પરંતુ નોલેજ હોવાથી નિશ્ચિંત અને બેફિકર અવસ્થા હોય છે. છતાં થોડો વધારે સમય પસાર થતાં, આગળ વધતાં વાયુમંડળમાં પરિવર્તન આવે છે, નિશ્ચયની પરીક્ષા થાય છે. જે નોલેજ માલિકે આપ્યું તેમાં કદાચ ભૂલ હોય તો... તરત જ જહાજને બીજી દિશામાં બીજા માર્ગ પરથી લઈ જવાનો નિર્ણય કરે છે. આ માર્ગ સરળ અને સહેલો હોય છે. ફરીથી ખુશ અને નિશ્ચિંત થાય છે. કેમ કે જહાજ હવે સંપૂર્ણ નિર્વિઘ્ન રીતે ચાલી રહ્યું હતું, એ માર્ગ પર આગળ વધતાં અચાનક જહાજમાં કોઈ ખરાબી આવતા બંધ પડી જાય છે. તળિયે જોતાં એક જોરદાર પથ્થર સાથે અથડાતા જહાજને નુકસાન થાય છે. લીકેજ થતાં જહાજ અને કમાન્ડર બન્ને ડૂબી જાય છે.

જીવનકાળ દરમિયાન આપણે સૌ એક યાત્રા પર છીએ. યાત્રાની મંઝિલ સૌની એક જ છે, રસ્તો પણ એક જ હોવો જોઈએ, બીજો કોઈ શોર્ટકર્ટ માર્ગ છે નહિ, અને છે તો સરળ હોય પરંતુ આગળ જતાં જહાજની જેમ ડૂબવાની શક્યતા ખરી, યાત્રા સાથે નિરંતર શબ્દ જોડવામાં આવે છે. લાંબો સમય હોવાથી ઘણા સમયનો અભ્યાસ જરૂરી છે. માર્ગ એક, પુરુષાર્થ એક અને મંઝિલ પણ એક જ છે. હંમેશા યાદ રાખવું કે શ્રેષ્ઠ લક્ષ્યનો માર્ગ કઠિન હોય છે. પણ આપણો ઉચ્ચ પુરુષાર્થ, દૃઢતા અને નિશ્ચયથી તેમને સરળ બનાવી દે છે.

### જ્ઞાનમાર્ગ

પરમાત્મા મળે છે. સાથે સાથે એ કોણ છે ? કયું કાર્ય કરે છે ? કેવું રૂપ-રંગ-દેશ-કાળ છે ? સર્વ પ્રકારનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. આપણને સંપૂર્ણ માહિતી મળી જાય છે. વાત છે મંઝિલ સુધી પહોંચવાની. લોકો એમને જોઈ તાલી વગાડે છે જે દોરડા પર અચલ-અડોલ ચાલે છે, જમીન પર ચાલવા માટે નહીં, જ્ઞાન તલવાર છે જેના માર્ગ પર ચાલવું અર્થાત આપણી મંઝિલ સુધી પહોંચવાનો માર્ગ. સીતાએ પણ સત્યને સાબિત કરવા અગ્નિની પરીક્ષા આપી હતી. આ માર્ગ પર આગળ વધતાં, ત્યારે કઈ દિશામાં વળવું, કેવું વાતાવરણ હશે, કયા સમયે કેવી પરિસ્થિતિ હશે, ત્રણેય કાળનું જ્ઞાન પ્રાપ્ત થયેલું છે. આજની મુરલી જોઈ શકીએ છીએ.

### જ્ઞાનમાર્ગ પર પગરણ

વિઘ્નો આવશે પરંતુ સ્વયંનું પરિવર્તન કરવાથી, નિશ્ચય રાખવાથી અને દૃઢતા રાખવાથી વિઘ્નો પાર થઈ જશે. વિશ્વ એક તરફ તમારો વિરોધ કરશે. પરંતુ સ્વયં ભગવાન જ્યાં સુધી આપણી નાવને મંઝિલ સુધી ન પહોંચી જાય ત્યાં

સુધી સાથી બની સાથ આપશે. આપણી ધારણાઓ, રીત-રિવાજો, પવિત્રતાનો કોઇ અસ્વીકાર કરશે, પરંતુ બીજો કોઈ માર્ગ ન હોવાથી અંતના સમયે જ્ઞાનમાર્ગ પર ચાલવા સૌ તૈયાર થશે.

'કૌન કહેતા હૈ હમ મંઝિલ પા નહીં સકતે,

કોશિશ કરકે દેખો, ભગવાન સાથ હૈ,

દેખને ઔર શોચનેવાલે દુનિયા મેં છા નહીં શકતે.'

જ્ઞાનમાર્ગમાં સમય નિશ્ચિત છે અને આ સંગમયુગનો સમય પણ આપણને ભાગ્યથી જ મળે છે અને ભાગ્ય શ્રેષ્ઠ કર્મથી મળે છે. શ્રેષ્ઠ કર્મ કરવા માટે સંકલ્પ, શક્તિ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. જેમ ટ્રેનમાં જવા માટે આપણે સમયથી પહેલાં પહોંચી જઈએ છીએ તેમ જ્ઞાનમાર્ગમાં સમયની રાહ જોવી અલબેલાપણું કે આળસ આપણી ટ્રેનને ચૂકાવી દેશે. જેવી રીતે ટ્રેનમાં એસી કોચ, સ્લીપર અને સીટીંગ (જનરલ) ત્રણ સુવિધાઓ હોય છે તેમ જ્ઞાનમાં મહારાજા, દાસ-દાસી અને પ્રજા એમ ત્રણ પદ છે. જેવો પુરુષાર્થ તેવી પ્રાપ્તિ. બાબા કહે છે મારા બધા જ બાળકો નં.1 મહારાજા - મહારાણી બને પરંતુ પુરુષાર્થ પ્રમાણે નંબરવાર બની જાય છે. સમય પ્રમાણે પરિવર્તન એ તો સમયની મહિમા કહેવાય પરંતુ આપણે સમયને બદલીયે તો બલિહારી કહી શકાય. જ્ઞાનમાર્ગ પર બાબા આપણી એકરસ સ્થિતિ બનાવે છે. એવી સ્થિતિ કે 21 જન્મ સુધી શ્રેષ્ઠ સ્થિતિ રહે છે.

'જ્ઞાન હૈ ઐસા મોતી, સબકી જગાતા આત્મ જ્યોતિ, જિસકો યે લૌટરી મિલે, તકદીર ઉસકી હોતી, એક શબ્દ હૈં લાખો રૂપિયે કા, જો ભી બાંટે બઢતા હી જાયે, ખુશી ઉનકી હોતી.'

બાબા કહે છે દુનિયા કાંટાનું જંગલ છે. એમાં જ આપણે ફુલ બની પોતાની ન્યારા-પ્યારાની સ્થિતિ દ્વારા સુગંધ ફેલાવી શકીએ છીએ. યોગ અગ્નિ છે. જ્યારે જ્ઞાન ચંદન છે. શીતળ છે, અમૃત છે. અમર બનાવે છે. જ્ઞાન એવું ધન છે જે વાપરતાં વધે છે. જ્ઞાન શુભભાવનાથી ભરેલું સુખ છે. પ્રેમનાં મોતીથી શણગારાયેલ વાણી છે, આત્માને તૃપ્ત કરનાર સુબીરસ છે. જ્ઞાન એ એવી જડીબુટ્ટી છે. જે હતાશ થયેલ, સફળતા ન મળવાથી હારી ગયેલ, મૂર્છિતને સૂર્જિત કરી દે છે. જ્ઞાન કટારીથી કામકટારીનો નાશ થાય છે. જ્ઞાન દરિયો છે જેમાં મંથન કરવાથી મોતી મળે છે. જ્ઞાન એ ખજાનો છે છેલ્લા જન્મમાં મળે છે અને મળી ગયા પછી ખોવાઈ જતો નથી. જો કોઈ આ જ્ઞાન ખજાનો લૂંટે તો પણ એમનું ભાગ્ય બની જશે.

જ્ઞાનમાર્ગ એ સત્યતાનો એક જ માર્ગ છે જે અવિનાશી છે. બાકી શોર્ટકટ રસ્તાઓ ઘણાં છે તો તેમની પ્રાપ્તિઓ પણ ટૂંકા સમય સુધી જ રહે છે. સિદ્ધિ મળતી નથી. દુનિયાના વહેતા પ્રવાહથી એકદમ વિરુદ્ધ દિશામાં ચાલનાર જ્ઞાનમાર્ગ છે. 63 જન્મ લીધા બાદ પણ કશી જ પ્રાપ્તિ નહીં, લક્ષ્ય નહીં, ચાહના ખરી પ્રભુમિલનની પરંતુ યથાર્થ જ્ઞાન નહીં હવે ઈશ્વર મળે છે સાથે-સાથે એમની સર્વ મિલકત-ખજાના પણ પ્રાપ્ત થઈ જાય છે. પરમાત્મા સાચો માર્ગ બતાવવા આવ્યા છે, સત્કર્મ કરાવવા આવ્યા છે, 21 જન્મનું અવિનાશી ભાગ્ય જમા કરાવવા આવ્યા છે. સદા સુખ અને શાંતિ આપવા આવ્યા છે. આપણી અનેક જન્મોની મનોકામનાઓ પૂરી કરવા આવ્યા છે. લુપ્ત થયેલ દેવી-દેવતા ધર્મની સ્થાપના કરવા આવ્યા છે. શ્રેષ્ઠ તે શ્રેષ્ઠ બ્રાહ્મણ પરિવારનો મેળાપ કરાવવા આવ્યા છે. આ સર્વ પ્રાપ્તિઓ જ્ઞાનમાર્ગમાં જ છે.

'ભક્તિ સે મિલા જ્ઞાન ઔર જ્ઞાન સે મિલા ખુદા, અબ ચાહે જો ભી હો જાયે, બાબા સે નહીં હોંગે જુદા.'

દુનિયામાં અનેક માર્ગો હતા કે જેમાં આપણે આ સર્વ પ્રાપ્તિઓની થોડીક ઝલક માટે દર-દર ભટકતા હતા. એમાં છે ભક્તિમાર્ગ. ભક્તિમાર્ગ સંપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ જ જ્ઞાન અને બાબા મળે છે. જેવી ભક્તિ કરી હશે તેવું જ્ઞાન ઉઠાવશે. જ્ઞાન એ ભક્તિમાર્ગથી થયેલી પ્રાપ્તિ છે. ભક્તિમાર્ગમાં અનેક દિશાઓ હોય છે. જ્યારે જ્ઞાનમાર્ગ આપણને એક જ દિશાથી મંઝિલ સુધી પહોંચાડી દે છે. ભક્તિમાર્ગમાં લોકો પ્રકૃતિના પાંચ તત્ત્વોની, 33 કરોડ દેવી-દેવતાઓની અથવા પરમાત્મા શિવની પૂજા કરતા હોય છે. જ્યારે જ્ઞાન આપણને ત્રિકાળજ્ઞાની બનાવે છે. ત્રિનેત્રધારી બનાવે છે. ત્રિલોકીનાથ બનાવે છે. ભક્તિમાર્ગમાં લોકો ચાલીને માનતાઓ રાખે છે. થાકતા નથી, દૃઢતાથી પૂરી શકે છે. જ્ઞાનમાર્ગમાં થોડોક પુરુષાર્થ પણ પ્રત્યક્ષ ફળ આપે છે. અનેક જન્મોનું ભાગ્ય જમા થઈ જશે. જેમ કોઈ રહસ્યમય ગુફાનો દરવાજો સમય પર ખૂલે છે અને બંધ થાય છે તેમ આ જ સમયે જ્ઞાનનો માર્ગ પ્રત્યક્ષ થાય છે પછી તો સ્વર્ગમાં પણ જ્ઞાન લુપ્ત થાય છે.

કોઈ ખજાનો પ્રાપ્ત કરવો હોય તો નકશામાં ડાયરેક્શન જોવામાં આવે કે ક્યા માર્ગથી ક્યાં પહોંચવાથી આ ખજાનો પ્રાપ્ત થશે. આ નકશો એ જ બનાવી શકે જેમણે કોઈ ગુપ્ત માર્ગ શોધ્યો હોય, કઠિન માર્ગ પરથી પસાર થયા હોય અને સફળતા સુધી પહોંચ્યા હોય. આ નકશાની રચના કરવા માટે, સ્વયંને મંઝિલ સુધી પહોંચાડવા માટે બે ડાયરેક્શન છે. 'સાકાર મુરલી અને અવ્યક્ત વાણી' આપણા પિતાશ્રી બ્રહ્માબાબા અને માતેશ્વરી જગદંબા તો માત્ર સાકાર મુરલી દ્વારા જ મંઝિલ સુધી પહોંચી ગયા છે. અવ્યક્તવાણી એટલે સાકાર મુરલીનો વિસ્તાર. બ્રહ્માબાબા જ્ઞાનમાર્ગમાં બધા જ રસ્તાઓમાંથી પસાર થઈ ચૂક્યા છે, અનુભવીમૂર્ત બની ગયા છે એટલે હવે અવ્યક્ત પાલના દ્વારા આપણને પણ સાચો અને સરળ માર્ગ બતાવે છે. સાકાર મુરલી દ્વારા આપણી દિવ્યબુદ્ધિને શક્તિ પ્રદાન થાય છે, સ્થિતિ એકરસ બને છે, મન સ્થિર થાય છે, બુદ્ધિને ભોજન મળે છે. દિવ્ય સાક્ષાત્કાર થાય છે, બાબાને આમને-સામને પ્રત્યક્ષ મુરલી સાંભળતા અનુભવ કરી શકીએ છીએ. સાકાર મુરલીમાં વિશ્વના દરેક આત્માનું ત્રણેય કાળનું (ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ) નોલેજ છે. અવ્યક્ત મુરલી આપણી વર્તમાન સ્થિતિ જાણવા, સ્વયંનું ચેકિંગ કરવા, દિલ-દર્પણમાં જોવા, સ્વભાવ-સંસ્કાર પરિવર્તન કરવા, સ્વચિંતન માટેની પોઈન્ટ, કમી-કમજોરીને દૂર કરી વિશેષતાઓનું જ્ઞાન બાબાને પ્રત્યક્ષ કરવા પ્રેક્ટિકલ ધારણાઓ માટેનું જ્ઞાન, સર્વ સિદ્ધિઓ વિધિપૂર્વક પ્રાપ્ત કરવાનું જ્ઞાન, તન-મન-ધન સફળ કરવાની વિધિ, સર્વ મુશ્કેલીનું સોલ્યુશન અપાયેલું છે. જ્ઞાનમાર્ગમાં નવા-નવા આવેલા બાબાના બાળકો માટે નવજાત જન્મેલા બાળકને માનું દૂધ જોઈએ એમ સાકાર મુરલી જરૂરી છે. અવ્યક્ત મુરલી એ માખણ છે. ઘી છે જે શક્તિ પ્રદાન કરી છે. આપણા મનની દરેક વાત અવ્યક્ત વાણીમાં છુપાયેલી છે.

જ્ઞાનને સારમાં કહીએ તો આત્માથી શરૂ થાય છે અને પરમધામ ઘર સુધી પૂરું થાય છે. બાબા મુરલીમાં એક જ વાત નિરંતર કહે છે કે સ્વયંને આત્મા સમજો અને મુજ નિરાકાર પરમપિતા પરમાત્માને યાદ કરો. જ્ઞાનમાર્ગમાં યાદની યાત્રા મુખ્ય છે. જ્યારે કોઈ યાત્રા કરવા જાય છે તો પહેલાં પોતાના સર્વ હિસાબ-કિતાબ ચૂક્તુ કરી નાખે, પોતાના સર્વ સંબંધ-સંમ્પર્કને ભૂલી એક દર્શનની આશથી યાત્રામાં આગળ વધે

**(અનુસંધાન પેજ નં. 26 પર)**

# સમયનું રહસ્ય

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

મનુષ્ય ક્યારેય સમયના બંધનોથી મુક્ત થઈ શક્યો નથી. અને ખરેખર તો વ્યક્તિએ સ્વેચ્છાએ આ બંધન સ્વીકારવું જોઈએ. વૈજ્ઞાનિકોએ સૂર્ય-ચંદ્રની ગતિના આધારે રાત-દિવસ, માસ-વર્ષ, ઋતુઓનું નિર્માણ કર્યું. આમ તો આ બધી કુદરતી ઘટનાઓ અવિરત રીતે ચાલ્યા જ કરે છે. અનંત છે અને કાળચક્ર ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળ બનાવે છે. એક એક ક્ષણ પળ કે ઘડીથી લઈને કલાકો વર્ષો અને યુગોથી ઓળખાય છે. જેને મનુષ્યે પોતાના કાંડા પર એક વર્તુળ પર 1 થી 12 એમ અંકિત કરી દીધો છે. વારંવાર એક બીજાને પૂછે છે કેટલા વાગ્યા ? What is the time.

કહેવામાં આવે છે સમય પસાર થાય છે. પરંતુ ખરેખર શું સમય પસાર થાય છે કે આપણે સમયની ધરી પરથી વારંવાર પસાર થઈ રહ્યા છીએ. ગતિ આપણી છે કે પછી સમયની, વૃક્ષો તો ઊભા જ છે આપણે મુસાફરી કરી રહ્યા છીએ. શું આ રહસ્ય નથી અને રહસ્યને જાણવાની પ્રત્યેકને જિજ્ઞાસા એક Cueriocity રહે છે. જીવનમાં સમયના મહત્ત્વ કરતાં પણ સમયના રહસ્યને વ્યક્તિ જાણી લે તો તેનો બેડો પાર થઈ જાય અને તેને જાણવામાં પણ રસ પડે.

ઘટનાઓ એ સમયનું અભિન્ન અંગ છે. આપણે સમયને એ દ્વારા જ યાદ રાખીએ છીએ પછી આ પ્રસંગો આપણા જીવનના હોય, પરિવારના હોય, સમાજના હોય, દેશના હોય કે વિશ્વના હોય જેને આપણે કેલેન્ડરમાં કેદ કર્યા છે. વળી આ ઘટનાઓ કે પ્રસંગો પાછળ કોઈ કારણ કે મહત્ત્વ કે પછી રહસ્ય હોય છે. આપણે બધા એમાંથી જ બોધપાઠ લઈને, અનુભવ લઈને આગળ વધીએ છીએ. અર્થાત સમય માત્ર મીનીટો કે કલાકો નથી પરંતુ તેમાં સર્જાયેલી ઘટનાઓ છે. જેને બીજા શબ્દોમાં Worldની History કે Geography કહી શકાય.

બીજી વાત સમય ગતિ સાથે Speed સાથે જોડાયેલો છે. જેને વ્યક્તિ જુદા જુદા માપદંડોમાં માપવાનો પ્રયત્ન કરે છે. જેમ કે Cycle per second, Revolution per minute, Killometer per hour per day, per week, per month કે per year અને વર્તમાન સમયમાં તો સેકન્ડના અનેકગણા ભાગમાં માપવામાં આવે છે. કદાચ આંખના પલકારાથી પણ ઘણા ઓછા સમયમાં કે સમજી કે માની ન શકાય તેટલા સમયમાં શું નું શું બનતું હોય છે. અને એને પણ માપવાનો અને સમજવાનો માનવી પ્રયત્ન કરે છે. શું આ રહસ્ય નથી ? કમ્પ્યુટર કેટલી બધી માહિતી dataનો સંગ્રહ કરી તેનું વિશ્લેષણ કરી આપે છે. આ રહસ્યોએ આપણને વિસ્મયમાં મૂકી દીધા છે. આશ્ચર્યચકિત કરી દીધા છે. અવાજ અને પ્રકાશની ગતિને પણ આપણે જાણી લીધી છે. ગ્રહો, તારાઓના અંતરને આપણે માપી લીધું છે. શું આ રહસ્ય નથી ?

ત્રીજી વાત સમય કાર્ય સાથે જોડાયેલો છે. માનવી પણ અવિરતપણે કોઈને કોઈ કાર્યથી જોડાયેલો છે. Work is Worship એવું કહેવામાં આવે છે. જેના વગરનું જીવન વ્યર્થ છે. અત્યારે ઓછા સમયમાં વધુમાં વધુ કાર્ય કરવાની સ્પર્ધા ચાલી રહી છે. એટલે ઘણીવાર સમયના ઓછામાં ઓછા ભાગમાં તમે વધુમાં વધુ કેટલું કાર્ય કરી

શકો છો. તેને વ્યક્તિની આવડત કે efficiancy કહેવાય છે. જેમાં તેનું મૂલ્ય આંકવામાં આવે છે.

હવે જો આપણે વિશ્વમાં બનતી ઘટનાઓ, તે માટે લાગેલો સમય અર્થાત્ speed અને એ દરમિયાન થયેલા કાર્યને જાણી લઈએ તો ! આ એક અદ્‌ભુત રહસ્ય છે જેને બધા નથી જાણતા હોતા અને બધા જાણી પણ ન શકે. કારણ કે દરેકની મર્યાદા છે. પરંતુ જે જાણે છે એને આપણે જાણી લઈએ તો એની પાસેથી આપણે સમયના ઘણા બધા રહસ્યોને અને એની સાથે સાથે આગળ જણાવેલી બધી જ બાબતોને આપણે જાણી શકીએ છીએ. પણ આ વાતો એટલી બેહદની છે કે આ શરીર દ્વારા તેને જાણવી અને માનવી અશક્ય છે. પણ કુદરતે આપણને તેને જાણી અને માની શકાય તેવી અદ્‌ભુત શક્તિ આપી છે અને એ છે આત્મિક શક્તિ (સંકલ્પ શક્તિ, વિચારવાની શક્તિ, કાર્ય કરવાની શક્તિ) જેમાં અવાજ અને પ્રકાશની ગતિથી પણ વધુ ગતિથી વિચારવાની સાયન્સથી પણ શ્રેષ્ઠ રીતે સમજવાની અને અસંભવમાં અસંભવ કાર્યને સાયન્સથી પણ શ્રેષ્ઠ રીતે સમજવાની અને અસંભવમાં અસંભવ કાર્યને પણ કુશળતાથી કરવાની શક્તિ રહેલી છે. જેનું સાધન છે. Silence શાંતિ.

શુ આપને હજારો વર્ષ પહેલાંની ઘટનાઓને જાણવી છે ? જ્યાં વિજ્ઞાન પણ પહોંચી નથી શક્યું તેવા સ્થાન પર જવું છે અને તે પણ સેકન્ડોમાં કલ્પી ન શકો તેવી speedથી. આજ સમયનું અદભુત રહસ્ય છે. જેના જાણકાર છે એકમાત્ર પરમપિતા શિવ પરમાત્મા અને એથી પણ રહસ્યમય વાત તો એ છે કે તે વચન પ્રમાણે સૃષ્ટિ પર આવી ચૂક્યા છે. અને વર્ષોથી આ રહસ્યોને બતાવી રહ્યા છે. અને કહી રહ્યા છે. આ સૃષ્ટિ 5000 વર્ષ જૂની છે. જે ચાર યુગોમાં સમયના ચાર ભાગમાં અર્થાત્ 1250 વર્ષમાં વહેંચાયેલી છે. દરેક યુગમાં વિચિત્ર ઘટનાઓ બને છે. જેમાં તમે પણ સામેલ હતા. તમે પણ સમયના આ રસ્તા ઉપરથી પસાર થયા હતા. જે હવે પૂરો થવાની તૈયારીમાં છે. તમે એ જ રસ્તા પરથી ફરીથી મુસાફરી કરવાના છો. તમારા સમયે પરંતુ એ સમયગાળાને તમે સુખદ રીતે માણી શકો તે તમારા હાથમાં છે. આ કાર્ય તમે ખૂબ થોડા સમયમાં કરી શકો તેમ છો. તે પણ ખૂબ ઝડપથી તીવ્ર ગતિથી. જરૂર છે માત્ર સમયના રહસ્યને જાણનારની વાતને માનીને, જો માની લેશો તો સમયના રહસ્યને જાણી જશો.

તો આવો આત્મા અને પરમાત્માના મૂળ વતન, મુક્તિધામ શાંતિધામની સફર સેકન્ડમાં કરી Silence Worldની Tour કરી બેહદ આનંદ અને સુખનો અનુભવ કરીએ. પરમસુખની પ્રાપ્તિ કરીએ અને એ દ્વારા આપણા અનેક જન્મોના રહસ્યોના જ્ઞાતા બનીએ અને જીવનમાં ખુશી, પ્રેમ, આનંદ પ્રસન્નતાનો અનુભવ કરીએ. આ જ તો જીવનનું અતીન્દ્રિય સુખ છે. આત્મ અનુભૂતિ અને પરમાત્મ અનુભૂતિ સિવાય સમયનો બીજો શું ઉત્તમ ઉપયોગ હોઈ શકે ? હીરે તુલ્ય સંગમયુગની અંતિમ પળો ગણાઈ રહી છે. આનાથી બીજું સત્ય અને સમયનું અદ્‌ભુત રહસ્ય શું હોઈ શકે ! વિશ્વની સર્વોચ્ચ સત્તા આ ધરા પરથી વિદાય લે તે પહેલાં તેનાં બની જવામાં જ સમજદારી છે.

અભી નહીં તો કભી નહીં.

**॥ ઓમશાંતિ ॥**

- **જ્ઞાનમાર્ગમાં ઘણી સારી વર્તણૂંક રાખવાની છે ઘણા મીઠા અને નિરહંકારી બનવાનું છે. ખરાબ વાતો બોલવાની નથી. મતભેદમાં આવવાનું નથી.**

# ચિંતન

## બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ

આ સૃષ્ટિનાટક અદ્‌ભુત, અવર્ણનીય છે. મીઠા બાબાએ ડ્રામાના જ્ઞાન દ્વારા આપણને હળવા બનાવી દીધા છે. પાછલા જન્મોનાં કર્મોનો હિસાબ કિતાબ ચુક્તે થતો જ રહે છે. પરિવારના સભ્યો, મિત્રો, સંબંધીઓ પ્રત્યે રુહાનીપ્રેમ અને આદરપૂર્વકનો વ્યવહાર કરવા છતાં તે સૌ તરફથી જ્યારે યોગ્ય પ્રતિભાવ ના મળે, તો સમજવું કે ડ્રામાનો આ કલ્યાણકારી પાર્ટ છે. જેમ સ્થૂળ નાટક, સિનેમામાં ભિન્ન ભિન્ન અભિનેતાઓ ભિન્ન ભિન્ન પાત્ર ભજવે છે. સૌનાં પાત્રો એક સરખાં હોય તે શક્ય નથી. તેથી સાક્ષીભાવ રાખીને, ઉપરામભાવ, નષ્ટોમોહા બનીને રાજયોગી જીવન જીવવું તેમાંજ કલ્યાણ છે.

જેમ કરજ ચુકવતાં હળવા, તનાવમુક્ત બની શકાય છે. તે રીતે જો પાછલા જન્મોનાં કર્મોનો હિસાબ-કિતાબ ચુક્તે થતો હોય, તો તેનાથી બીજું રૂડું શું ? બાબાએ આપણને અદ્‌ભુત જ્ઞાન રત્નો આપીને, યોગની ગહનતા દ્વારા સંપન્ન બનાવ્યા છે. તેથી જ તો અનેક સમસ્યાઓના સળગતા દાવાનળમાં પણ આપણે ન્યારા પ્યારા, શીતળ બની જીવી શકીએ છીએ. કમલ પુષ્પ સમાન પવિત્ર જીવન જીવી દિવ્યગુણોની ધારણા કરી શકીએ છીએ.

કોના ત્યાં જન્મ લેવો તે આપણા હાથમાં નહોતું પણ જન્મ લીધા પછી માનવમાંથી મહાન બનવું, સિદ્ધિ સ્વરૂપ બનવું તે આપણા હાથની વાત છે. તે માટે આપણે કોઈપણ પ્રકારનું બહાનું કાઢી શકીએ તેમ નથી. આધ્યાત્મિક જીવનના ઉત્થાન માટેનું વાતાવરણ, સવલતો મળવા છતાં પણ જો આપણે ઊર્ધ્વગતિ કરી શકતા નથી, સ્વભાવ સંસ્કાર બદલી શકતા નથી, જીવનમાં દિવ્યતા લાવી શકતા નથી તો તેનો અર્થ એ કે પાછલા જન્મોના કર્મોનો બોજ વધારે છે. જ્ઞાન, યોગ, ધારણા અને સેવા દ્વારા તેને ચુક્તે કર્યો નથી. જ્વાલામુખી યોગ દ્વારા તેને ભસ્મ કર્યો નથી. જ્ઞાનમાર્ગમાં ભક્તિમાર્ગ જેવો વ્યવહાર કરવાથી કોઈ પ્રાપ્તિ થતી નથી.

મીઠા બાબા આપણો નિશ્ચય, શ્રદ્ધા અને પુરુષાર્થ જોઈને આપણને યોગ્ય બનાવે છે. ભિન્ન ભિન્ન કલાઓ, ગુણો, વિશેષતાઓ અને શક્તિઓનો વિકાસ કરે છે તે માટે અહંભાવનો સંપૂર્ણ ત્યાગ કરી, ત્યાગના સપ્તાહ કોર્સને જીવનમાં અમલી બનાવવો પડે છે. આંખો સામે એવાં કેટલાંયે ઉદાહરણો છે કે પ્રભુ વરદાનોથી અસંભવ લાગતાં કાર્યો સંભવ બન્યાં છે. જે સાધારણ ગણાતા હતા તે ઈશ્વરીય પરિવારમાં નામ રોશન કરે છે. તે માત્ર પરમાત્મા પ્રત્યેના એક બળ અને એક ભરોસાનું જ પરિણામ છે. ટાગોરે કહ્યું છે કે ‘એકલો જાને રે’ તે માટે આત્મવિશ્વાસ, પરમાત્મામાં અદ્‌ભુત શ્રદ્ધા, સમર્પણ, ત્યાગ અને દ્રઢ મનોબળ જરૂરી છે.

કાર્ય ગમે તેટલું મોટું હોય, અસંભવ લાગે તેવું હોય પણ ઈશ્વરીય શ્રીમત મુજબ નિષ્કામ, વિશ્વકલ્યાણની ભાવના, સર્વનો સહયોગ, શુભભાવના અને શુભકામનાનું પીઠબળ હોય તો તે શક્ય બને છે. પરમાત્માની અદ્‌ભુત શક્તિઓ, પ્રેરણાઓ અનેક આત્માઓને ટચ કરે છે. તે સૌ દ્વારા ઉદારતાપૂર્વક, પ્રેમપૂર્વક, આદરપૂર્વક એવી સહયોગની સરવાણી વહે છે તે જોતાં પરમાત્માના જાદુનો અનુભવ થાય છે.

(અનુસંધાન પેજ નં. 24 પર)

## (પેજ નં. 09નું અનુસંધાન)... ત્રિવેણી

તેણે તરત જ ઘૃણાને પોતાના મનમાંથી કાઢી દેવી જોઈએ. કારણ કે ઘૃણા સદા એ મનુષ્યના ચિત્રને આપણા મનની આંખો સામે લાવે છે. જેની ઘૃણા કરીએ છીએ તેનું ચિત્ર માનસપટ પર આવતાં જ આપણામાં દ્વેષ, ક્રોધ અને દુઃખની લહેરો પેદા થાય છે. યોગીનું લક્ષ્ય કોઈ વ્યક્તિને ઘૃણાવૃતિથી યાદ કરવાનું નથી. યોગીએ તો પ્રભુની મધુરસ્મૃતિમાં સ્થિત થવાનું છે. દ્વેષ અને ક્રોધને બદલે પ્રભુપ્રીતિ અને શાંતરસનો અનુભવ કરવાનો છે.

અમુક વ્યક્તિએ આમ કર્યું અને એના પરિણામ સ્વરૂપ અમારા મનમાં ઘૃણાનો ભાવ જન્મવો સ્વાભાવિક હતો એમ કહીને ઘૃણાને ઉચિત ઠરાવી ના શકીએ. ઘૃણાની ઉપસ્થિતિ તો કોઈપણ રીતે મનમાં અનુચિત છે. બીજાની બુરાઈને બુરાઈ કહીને આપણી ઘૃણાની બુરાઈને ઉચિત માની શકતા નથી.

જેમ દલદલમાં (કાદવ કીચ્ચડ) ફસાયેલી વ્યક્તિ પ્રત્યે ઘૃણા કરતા નથી પણ તેને તેમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ એ રીતે કોઈમાં દુર્ગુણ જોઈને એની ઘૃણા કરવી જોઈએ નહીં. એના પ્રત્યે સહાનુભૂતિનો વ્યવહાર કરીને એને એમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરવાનો છે.

**॥ ઓમશાંતિ ॥**

## (પેજ નં. 20નું અનુસંધાન)... સફળતાનું પ્રથમ સોપાન

શાસ્ત્રોમાં વર્ણન છે કે બ્રહ્માએ સંકલ્પબળથી નવસૃષ્ટિનું સર્જન કર્યું. હવે કેવી રીતે નવસૃષ્ટિનું સર્જન થઈ રહ્યું છે તે બાબાના બાળકો આ બાબતથી સુવિદિત છે. તો પણ કહેવાનો ભાવાર્થ એ છે કે યોગબળ વગર દૃઢ મનોબળ શક્ય નથી અને દૃઢ મનોબળ વગર દૃઢ સંકલ્પ શક્ય નથી અને દૃઢ સંકલ્પ વગર સફળતા શક્ય નથી.

આ રીતે સંકલ્પને સમર્થ બનાવી સફળતાના સોપાન સર કરી શકાય છે. કેટલાક વાચક મિત્રોને મનમાં પ્રશ્ન ઉપસ્થિત થતો હશે કે આ વિશ્વડ્રામામાં એવાં ઘણાં વૈજ્ઞાનિકો થઈ ગયા કે જેઓની પાસે યોગબળ ક્યાં હતું અને છતાંપણ તેઓએ અવનવી શોધખોળોમાં જ્વલંત સફળતાઓ હાંસલ કરેલી છે. તે સિવાય એવાં ઘણાં મહાનુભાવો, નેતાઓ, મહાન વિભૂતિઓ થઈ ગઈ કે જેઓની પાસે યોગબળ ક્યાં હતું અને છતાં પણ તેઓએ જ્વલંત સફળતાઓ હાંસલ કરેલી છે. વાત સાચી છે. પરંતુ તેઓની પાસે યોગબળ સિવાય બીજા ઘણાં શક્તિશાળી કુદરતી સદ્‌ગુણો હતાં. જેમ કે, મનન શક્તિ, તર્કશક્તિ, દૃઢ મનોબળ, એકાગ્રતા, એકાંતપ્રિય, જિજ્ઞાશા, ધગશ, લગની, સક્રિયતા, કઠોર પરિશ્રમ, ઉદ્યમીપણું, તીવ્ર બુદ્ધમતા વગેરે ગુણ તેઓની ગળથૂથીમાં જ ઠાંસોઠાંસ ભરેલાં હતાં.

દા.ત. મહાન વૈજ્ઞાનિક ન્યુટન. બેઠો હતો સફરજનના ઝાડ નીચે. સફરજનના ઝાડ પરથી સફરજન નીચે ધરતી પર પડ્યું. તર્ક ચલાવે છે કે 'ઝાડ પરથી સફરજન નીચે ધરતી પર કેમ પડ્યું ? કેમ ઉપર ના ગયું ?' તર્ક વિતર્ક શરૂ થઈ ગયાં અને પરિણામના અંતે તેમણે ગુરુત્વાકર્ષણના નિયમો શોધી કાઢ્યાં અને આ ગુરુત્વાકર્ષણના નિયમો સંબંધિત અવનવી શોધખોળો શરૂ થઈ ગઈ.

**॥ ઓમશાંતિ ॥**

## જીવનની ચાવીઓ

બ્ર.કુ. મનસુખ કાસુન્દ્રા, પીપાવાવ (રાજુલા)

જીવનમાં જીતવા જેવી ચીજ હોય તો તે ...... પ્રેમ છે.
જીવનમાં હારવા જેવી ચીજ હોય તો તે .. અભિમાન છે.
જીવનમાં દેખાડવા જેવી ચીજ હોય તો તે .... દયા છે.
જીવનમાં સંભાળવા જેવી ચીજ હોય તો તે .... ગુણ છે.
જીવનમાં બોલવા જેવી ચીજ હોય તો તે ..... સત્ય છે.
જીવનમાં ભૂલવા જેવી ચીજ હોય તો તે ... ભૂતકાળ છે.
જીવનમાં સુધારવા જેવી ચીજ હોય તો તે .. વર્તમાન છે.
જીવનમાં વિચારવા જેવી ચીજ હોય તો તે .. ભવિષ્ય છે.
જીવનમાં ગળવા જેવી ચીજ હોય તો તે ... અપમાન છે.
જીવનમાં પચાવવા જેવી ચીજ હોય તો તે .... બુદ્ધિ છે.
જીવનમાં લેવા જેવી ચીજ હોય તો તે ....... જ્ઞાન છે.
જીવનમાં પીવા જેવી ચીજ હોય તો તે ...... ક્રોધ છે.
જીવનમાં આપવા જેવી ચીજ હોય તો તે ..... સેવા છે.
જીવનમાં વાંચવા જેવી ચીજ હોય તો તે .... મોરલી છે.

## કોણ શું શીખે છે.

બ્ર.કુ. મનસુખ કાસુન્દ્રા, પીપાવાવ (રાજુલા)

અરીસો - જેવા હશો તેવા દેખાશો.
ગુલાબ - બીજાને સુગંધ આપતા શીખો.
ઘડિયાળ - સમય ચૂકશો તો જીવન જીવવાનું ચૂકી જશો.
સૂર્ય - વધારે તપશો તો તમારી સામે કોઈ નહીં જુએ.
દીવો - જાતે બળીને બીજાને પ્રકાશ આપો.
વાદળ - મારી જેમ મન મૂકીને વરસતા શીખો.
વૃક્ષ - દુઃખ વેઠીને પણ શરણે આવેલાની સેવા કરો.

## ચિંતનિકા

બ્ર.કુ. અનંત, નડિયાદ

ભારત સરકાર આજકાલ અર્થતંત્રને ઠીક કરવા, કમજોર બેંકોને મજબૂત / પાવરફૂલ બેંક સાથે જોડી રહી છે. (મર્જર). આપણે મનુષ્ય આત્માઓ આ સૃષ્ટિનાટકના અંતિમ સમયે ખૂબ જ કમજોર બની જઈએ ત્યારે આ કલિયુગના અંતે સુપ્રીમ પાવર બેંક પરમાત્મા આપણને પોતાની સાથે જોડી વિશ્વ પરિવર્તન કરી રહ્યા છે.

બસ કે રેલ યાત્રામાં પણ મોબાઈલ ચાર્જ કરી શકાય એ માટે પાવર બેંક ખૂબ ઉપયોગી છે. બિલકુલ આ જ રીતે જીવનયાત્રા દરમિયાન આત્મા રૂપી બેટરી ડાઉન થાય ત્યારે પરમાત્મા રૂપી પાવરબેંક દ્વારા એને ચાર્જ કરી શકીએ (રાજયોગ મેડીટેશન)

ડીવીડી પ્લેયરના લેન્સને સાફ કરવા લેન્સ ક્લીનર સીડી ખૂબ કામ આવે છે. આત્મા પર જ્યારે વિકારોનો મેલ જામી જાય છે ત્યારે પરમાત્માના પવિત્ર શક્તિશાળી કિરણો દ્વારા એને સાફ કરી શકાય (રાજયોગ મેડીટેશન)

મોદીજીએ એક 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' બનાવ્યું. તો ઘણા લોકો એને જોવા જાય છે. પરંતુ પરમાત્મા ગુપ્ત રીતે લાખોની સંખ્યામાં 'સ્ટેચ્યુ ઓફ પ્યુરિટી' (દેવાત્માઓ) બનાવી રહ્યા છે, જેમને આવનાર સમયમાં આખું વિશ્વ જોશે ! ॥ **ઓમશાંતિ** ॥

Published and Printed by BK Sarlaben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.




આણંદમાં 'સ્મૃતિ દિવસે' આયોજીત સ્નેહમિલનમાં ચરોતર બંધુના તંત્રી ભ્રાતા દલસુખભાઈ, આચાર્ય ભ્રાતા સમ્રાટ વિવેકાનંદ ખન્ના, દશનામ આશ્રમના સ્વામી વિશ્વાનંદ સરસ્વતી, બ્ર. કુ. ગીતાબેન.



ગાંધીધામ-કચ્છમાં 'સ્મૃતિ દિવસે' આયોજીત સ્નેહમિલનમાં ગળપાદર જેલના જેલર ભ્રાતા મનુભા જાડેજા, મહિલા મંડળના પ્રમુખ ભગિની કૈલાસબેન ભટ્ટ, બ્ર.કુ. ભારતીબેન તથા બ્ર.કુ. સંગીતાબેન.



અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે મણિનગર ગ્રુપસેવાકેન્દ્રની કુમારીઓની યોગ તપસ્યા ભઠ્ઠી બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. જાગૃતિબેન.



મુંદ્રા-કચ્છ ખાતે IOCLમાં 'સકારાત્મક જીવન શૈલી' ટ્રેનીંગ કાર્યક્રમ બાદ મેનેજર તથા સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. સુશીલાબેન.



કેશોદ સેવાકેન્દ્ર પર પધારેલ DySP ભ્રાતા જયવીરસિંહ ગઢવીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતાં બ્ર.કુ. રુપાબેન સાથે બ્ર.કુ. શશીકાંતભાઈ ગાજીપરા, બ્ર.કુ. મીતાબેન.



નલીયા-કચ્છમાં લોહાણા સમાજવાડીમાં આયોજીત પ્રદર્શનના ઉદ્ઘાટનમાં સરપંચ ભગિની રેખાબા જાડેજા, લોહાણા સમાજના પ્રમુખ ભ્રાતા હરેશભાઈ, બ્ર.કુ. રીનાબેન, બ્ર.કુ. દક્ષાબેન.




શિહોરી સેવાકેન્દ્રની ખોડા ગીતાપાઠશાળાના નવનિર્મિત 'રાજઋષિ ભવન'ના મંગલ ઉદ્ઘાટનમાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. નિલમબેન, બ્ર.કુ. દિનેશભાઈ તથા બ્ર.કુ. જયાબેન.



વ્યારામાં આયોજીત 'તનાવમુકત જીવન' કાર્યક્રમ બાદ ચીફ ફોરેસ્ટ ઓફિસર ભ્રાતા સી.કે. સોનવણેને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરુણાબેન સાથે નાયબ ફોરેસ્ટ ઓફિસર ભ્રાતા આનંદકુમાર.

Gyan Amrit Vol.12 | Issue 3 | March 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ઊંઝાના નવનિર્મિત 'જ્ઞાનતીર્થ' સેવાકેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે તકતીનું અનાવરણ કરતાં મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી જાનકીજી તથા પ્રભુ સમર્પણ સમારોહમાં આદરણીય દાદી જાનકીજીની સાથે ૧૦ સમર્પિત બ્રહ્માકુમારી બહેનો, બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. ઈજુબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, ઈન્દોરથી પધારેલ બ્ર.કુ. હેમાબેન, બ્ર.કુ. લલિતભાઈ તથા અન્ય મહાનુભાવો.




રાજકોટના 'હેપ્પી વિલેજ રીટ્રીટ સેન્ટર' ખાતે નવનિર્મિત 'પાવનધામ' મેડીટેશન રુમના ઉદ્ઘાટનમાં પધારેલ ગુજરાતના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણી સાથે બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. જયંતીબેન. રાજકોટ સબઝોનના ઈશ્વરીય સેવાઓના ૫૦ વર્ષ ગોલ્ડન જ્યુબીલી પ્રસંગે બ્ર.કુ. ભારતીબેનનું શૉલ અને મોમેન્ટો આપી સન્માન કરતાં મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણી. કાર્યક્રમમાં શિવધ્વજ ફરકાવતાં ભ્રાતા વિજયભાઈ, બ્ર.કુ. ભારતીબેન, લંડનથી પધારેલ બ્ર.કુ. જયંતીબેન, ઓસ્ટ્રેલીયાથી પધારેલ બ્ર.કુ. મોરનીબેન.



વડોદરા શહેરમાં પધારેલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરુણાબેન.



દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંમેલનમાં બ્ર.કુ. યોગિનીબેનનું સન્માન કરતાં માનવ અધિકાર અને સામાજિક ન્યાયના સ્થાપક અને રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. ઍનથોની રાજુ.